

RNI No. GUJGUJ/2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક



તંત્રી : શ્રી અજયકુમાર રમણલાલ પ્રજાપતિ (અજય પટણી)

રજી. ઓફીસ : ટીએફ-૦૧, નાનકરામ સુપર માર્કેટ, રામનગર, સાબરમતી, અમદાવાદ - ૩૮૦ ૦૦૫, ગુજરાત, ભારત.

ફોન / ફેક્સ : (૦૭૯) ૨૭૫૭ ૩૩૦૭, ૭૦૧૬૩ ૩૩૩૦૭ (મો) ૯૩૨૮૩ ૩૩૩૦૭, ૯૮૨૫૩ ૩૩૩૦૭, Email : garvigujarat2007@yahoo.com • Email : garvigujarat2007@gmail.com • Website : www.garvigujarat.co.in

વર્ષ : 11 | અંક : 183 | તા. 14-03-2019, ગુરુવાર | વિ. સં. 2075 | ફાગણ સુદ-08 | પાના : 04 | કિંમત : 00.50 પૈસા


# વાડ્રાની સાથે ચોકીદારની પણ તપાસ થાય : રાહુલ ગાંધી

## કાશ્મીરની બગડેલી સ્થિતિ માટે રાહુલે વાજપેયીની ખોટી નીતિને જવાબદાર ગણાવી

(જી.એન.એસ)ચેન્નાઈ,તા.૧૩ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી બુધવારે તમિલનાડુની રાજધાની ચેન્નઈ પહોંચ્યા. અહીં સ્ટેલ મેરિસ કોલેજમાં એક કાર્યક્રમમાં કોંગ્રેસ અધ્યક્ષે સ્ટુડન્ટ્સ સાથે વાતચીત કરી. આ દરમિયાન એક સ્ટુડન્ટે તેમને રોબર્ટ વાડ્રાને લઈને સવાલ કર્યો તો તેઓએ કહ્યું કે દેશનો કાયદો બધા પર બરાબર લાગુ થાય છે. કોલેજના સ્ટુડન્ટ્સની સાથે અનૌપચારિક વાતચીત દરમિયાન કોંગ્રેસ અધ્યક્ષે રાફેલ ડીલ અને તેમાં કથિત ભ્રષ્ટાચારનો મુદ્દો ઉઠાવતાં કહ્યું કે, હું આ કહેનારો પહેલો વ્યક્તિ હોઈશ..રોબર્ટ વાડ્રાની તપાસ કરો, પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પણ તપાસ કરો. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીઓ કાશ્મીર મુદ્દે બોલતા પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી પર વિવાદિત નિવેદન આપ્યું છે. રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે, અટલ બિહારી વાજપેયીની ખોટી નીતિઓના કારણે જ જમ્મુ કાશ્મીરની સ્થિતિ બગડી છે. તેમણે કહ્યું કે, કોંગ્રેસ હંમેશા જમ્મુ કાશ્મીરની સ્થિતિ સુધારવાનો પ્રયાસ કરતી રહી, પરંતુ ભાજપની ખોટી નીતિઓના કારણે આજે ત્યાં સ્થિતિ બગડેલી છે. ૨૦૦૪માં જયારે યુપીએની સરકાર બની તો ત્યાંની સ્થિતિ ઘણી બગડેલી હતી. વાજપેયી સરકારની ખોટી રાજકીય નીતિઓના કારણે કાશ્મીરની સ્થિતિ બગડેલી છે. અમારી સરકારની રણનીતિથી ત્યાંના સ્થિતિ સુધરી. અમે પાકિસ્તાન પર દબાવ બનાવવામાં સફળ રહ્યાં. અમે જમ્મુ કાશ્મીરની જનતાની સાથે તાલમેલ વધારી રહ્યાં હતા. તેની સાથે જ તેઓએ કહ્યું કે, રોબર્ટ વાડ્રા પર સરકારને દરેક કાર્યવાહી કરવાનો અધિકાર છે. તમારી પાસે બધા સંસાધન છે, પરંતુ શું ક્યારેય પીએમે પોતે રાફેલ પર એક શબ્દ પણ બોલ્યો છે? રોબર્ટ વાડ્રા તપાસમાં સહયોગ કરી રહ્યા છે, પરંતુ સમગ્ર દેશ જાણે છે કે પીએમે રાફેલ ડીલમાં શું કર્યું. તેમ છતાંય તેઓએ મૌન સાધી લીધું છે. પીએમનું નામ સીધી રીતે રાફેલ અને ડસોના પેપર્સમાં આવ્યું છે તો તેમની પણ તપાસ થવી જોઈએ. વિદ્યાર્થીનીઓ માટે આયોજિત આ કાર્યક્રમમાં એક વિદ્યાર્થીનીએ રાહુલ ગાંધીને દેશમાં મહિલાઓની સ્થિતિ અંગે સવાલ કર્યો હતો. જેના જવાબમાં કોંગ્રેસ અધ્યક્ષે જણાવ્યું હતું કે, દક્ષિણ ભારતમાં મહિલાઓની સ્થિતિ ઉત્તર ભારતના રાજ્યો યુપી અને બિહારથી ખૂબ જ સારી છે. કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આ દરમિયાન કહ્યું કે, આજકાલ ભારતમાં એક વિચારધારાની લડાઈ ચાલી રહી છે. આ બે વિચારધારાઓની વચ્ચે જંગ છે. એક વિચારધારા દેશને એક કરવાના પક્ષમાં છે અને ઈચ્છે છે કે તમામ દેશવાસી પરસ્પર ખુશીથી રહે અને કોઈ એક આઈડિયાથી ડોમિનેટેડ ન હોય. આપ દેશમાં એક ડરની ભાવના ઊભી કરીને દેશની આર્થિક પ્રગતિ વિશે વાત નથી કરી શકતા, આપણે દેશનો મૂડ ચેન્જ કરવાનો છે, કારણ કે આ દેશનો મિજાજ આર્થિક પ્રગતિ નક્કી કરે છે. અમારી તમામ સંસ્થાનોને વિચારોની આઝાદી હોવી જોઈએ. તમે કોઈપણ વિચારને આંખ બંધ કરીને સ્વીકારી શકતા નથી અને આ જ આપણી શિક્ષા પ્રણાલીનું માળખું હોવું જોઈએ. રોજગાર અંગે વાત કરતા રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, તમને લાગે છે કે આ વૈભવી કોલેજમાં ભણીને નીકળતાની સાથે જ તમને નોકરી મળી જશે. દેશમાં રોજગારીનું સર્જન નથી થઈ રહ્યું. જે એક મોટો પડકાર છે. મહિલા અનામત અંગે રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, મહિલાઓ અને પુરુષોને સમાન અધિકાર મળવા જોઈએ. સાચું કહું તો મને ઉચ્ચ સ્તરે યોગ્ય સંખ્યામાં મહિલાઓ દેખાતી નથી. અમે સંસદમાં મહિલા અનામત બિલ પસાર કરવા જઈ રહ્યા છે અને અમે મહિલાઓ માટે સરકારી નોકરીઓમાં ૩૩% અનામત લાગુ કરવા જઈ રહ્યા છે. તેઓએ સાથોસાથ કહ્યું કે, કેટલીવાર આપને કે આપ જેવા સ્ટુડન્ટ્સને તક મળે છે પૂછવાની કે પીએમજી દેશમાં શિક્ષા વિશે તમે શું વિચારો છો? તેના વિશે શું વિચારો છો? પેલા વિશે શું વિચારો છો?



પીએમ ૩૦૦૦ લોકોની સામે ઊભા રહીને ખુલીને સવાલ-જવાબ કેમ નથી કરતા. એવું કેમ છે કે તમામ વિપક્ષી નેતાઓને પ્રેસ કોન્ફરન્સ કરવી પસંદ છે પરંતુ પીએમ ક્યારેય કોઈ પ્રેસ કોન્ફરન્સ નથી કરતા.

## ભ્રષ્ટાચારનું ફેમિલી પેક લેનારાઓ લેન્ડ ડીલનું સત્ય જણાવે : સ્મૃતિ ઈરાની

(જી.એન.એસ)ન્યુ દિલ્હી, તા.૧૩ કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ બુધવારે કોંગ્રેસ પર ગંભીર આરોપ લગાવ્યા હતા. તેમણે પ્રેસ કોન્ફરન્સ કરીને જમીન ગોટાળાની વાત કરી હતી. જેમા રાહુલ ગાંધી, રોબર્ટ વાડ્રા અને પ્રિયંકા ગાંધીનું નામ પણ સામેલ છે. સ્મૃતિ ઈરાનીએ કહ્યું તે, જીજાજી સાથે સાળો પણ ભ્રષ્ટાચારમાં સામેલ છે. કેન્દ્રીય મંત્રીએ કોંગ્રેસ પર ફેમિલી પેકેજ ભ્રષ્ટાચાર કરવાનો આરોપ લગાવ્યો છે. સ્મૃતિ ઈરાનીએ કહ્યું કે,ગાંધી પરિવારે જ ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપ્યુ છે. એચએલ પાહવાને ત્યાં ઈડીનાં દરોડામાં રાહુલ ગાંધીના નામના દસ્તાવેજો પણ મળી આવ્યા હતા. બીજેપીનો આ જવાબ કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાની પહેલી રેલી પછી સામે આવ્યો છે. સ્મૃતિએ કહ્યું કે, રાહુલ ગાંધી પોતે જ જનતાને જણાવે કે તેમને રક્ષા ડીલમાં આટલો રસ કેમ છે. થોડાક પૈસા માટે અને જમીન માટે તેમને દેશની સુરક્ષાને શહીદ કરવાનો પ્રયાસ કર્યો છે. સ્મૃતિ ઈરાનીએ કહ્યું કે, ૭૦ વર્ષોમાં સંસ્થાગત ભ્રષ્ટાચાર કોંગ્રેસની દેણ છે. પરંતુ છેલ્લા ૨૪ કલાકોમાં સમાચારનાં માધ્યમથી જે તથ્યો સામે આવ્યા છે તે દર્શાવે છે કે કેવી રીતે ગાંધી-વાડ્રા પરિવારે પારિવારિક ભ્રષ્ટાચારને વાચા આપી છે. એક સમાચાર સૂત્રો પ્રમાણે રાષ્ટ્રને માહિતી મળી છે કે એચ એલ પાહવા નામનાં એક વ્યક્તિનાં ત્યા ઈડીનાં દરોડામાં રાહુલ ગાંધી સાથે થયેલી લેણદેણનાં દસ્તાવેજો સામે આવ્યા છે. જમીનની ખરીદીથી સંબંધિત આ દસ્તાવેજોથી આ વાત સામે આવી છે કે એચએલ પાહવા સાથે રાહુલ ગાંધીનાં આર્થિક સંબંધો પણ છે. એચએલ પાહવાનાં ત્યા કરેલા દરોડામાં ચોકવનારી વાત એ છે કે તેમની પાસે જમીનની ખરીદી માટે પણ પૈસા ન હતા. રાહુલ ગાંધી અને શ્રીમતી વાડ્રા માટે જમીન ખરીદવા માટે સીસી થંપીએ ૫૦ કરોડથી વધારે પૈસા આપ્યા હતા એચએલ પાહવાનાં ત્યા કરેલા દરોડામાં ચોકવનારી વાત એ છે કે તેમની પાસે જમીનની ખરીદી માટે પણ પૈસા ન હતા. રાહુલ ગાંધી અને શ્રીમતી વાડ્રા માટે જમીન ખરીદવા માટે સીસી થંપીએ ૫૦ કરોડથી વધારે પૈસા આપ્યા સ્મૃતિ ઈરાનીએ કહ્યું કે, સીસી થમ્પીનું નામ યુપીએ સરકાર દરમિયાન પેટ્રોલિયમ ડીલ અને દિલ્હી એનસીઆરમાં ૨૦૮ કરોડની જમીન ખરીદીમાં સામે આવ્યુ છે. આ તમામ સોદાઓમાં સામે આવ્યુ છે કે જીજાજી સાથે સાળા સાહેબ પણ પારિવારિક ભ્રષ્ટાચારમાં સામેલ છે.




## જયમાલા દરમ્યાન ગોળીબાર થતા દુલ્હને સ્ટેજ પર જ દમ તોડ્યો

(જી.એન.એસ)રાયબરેલી,તા.૧૩ છોકરાની જાન છોકરીના ઘરે આવી ગઈ હતી. દુલ્હન સોળે શણગાર સજીને સાત ફેરાના બંધનમાં બંધાવા જવાની હતી. જયમાલા પહેલાં વર-વધૂ પક્ષના લોકો સ્ટેજ પર આવી ગયા હતા. દુલ્હન અને વરરાજા એ એકબીજાને જયમાળા પહેરાવી અને લોકો જશ્નમાં મશગૂલ હતા. ત્યારે કંઈક એવું થયું કે હાહાકાર મચી ગયો. ગોળીના એક અવાજથી જશ્નનો માહોલ પલકારામાં જ માતમમાં ફેરવાઈ ગયો. આ ઘટના ઉત્તરપ્રદેશના રાયબરેલીમાં બની. અહીં બછરાવા પોલીસ સ્ટેશનના ગાઝિયાપુર ગામમાં રહેતા પુત્તીલાલની દીકરી આશાના લગ્નની તૈયારીઓ પણ થઈ ગઈ હતી. જાન ઉન્નાવ જિલ્લાના આગાપુર ગામમાંથી આવી હતી. આ ગામના અનિલ સાથે આશાના લગ્ન થઈ રહ્યા હતા. પરિવારના લોકો ખૂબ જ ખુશ હતા પરંતુ અચાનક લગ્ન સમારંભ દરમ્યાન જયમાલા પડ્યા બાદ ગામના જ બૃજેન્દ્ર નામનો વ્યક્તિ બંદૂક લઈને પહોંચ્યો અને તાબડતોડ દુલ્હન પર ફાયર કરી દીધું. દુલ્હનનું સ્ટેજ પર જ મોત થયું. દુલ્હનને ગોળી લાગતા જ ગામમાં સનસની ફેલાય ગઈ. હજુ તો લોકો કંઈ સમજે તે પહેલાં જ બૃજેન્દ્ર એ પોતાને પણ એ જ બંદૂકથી ગોળી મારી દીધી. આનન-ફાનનમાં ગ્રામજનો તેને સારવાર માટે હોસ્પિટલ લઈ જઈ રહ્યા હતા ત્યાં જ રસ્તામાં જ દમ તોડી દીધો. કહેવાય છે કે પ્રેમિકાના લગ્ન થતાં બૃજેન્દ્ર ખૂબ જ અકળાઈ ગયો હતો. આ અંગેની માહિતી મળ્યા બાદ પોલીસ સ્થળ પર પહોંચી અને કેસ નોંધાયો. છોકરીનો પરિવાર આ વારદાત બાદ આઘાતમાં છે.

## કેન્દ્ર સરકારને રાફેલ ડીલ મામલે સોગંદનામું રજૂ કરવા સુપ્રીમની મંજુરી

(જી.એન.એસ)ન્યુ દિલ્હી, તા.૧૩ બહુ ગાજેલા રાફેલ મામલે દેશની વડી અદાલતે મોદી સરકારને વધુ એક મોટી રાહત આપી છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને રાફેલ ડીલ મામલે સોગંદનામું રજૂ કરવા મંજૂરી આપી દીધી છે. કેન્દ્ર સરકારની તરફથી મંગળવારે ચીફ જસ્ટિસની બેંચથી સોગંદનામું રજૂ કરવાની મંજૂરી માંગવામાં આવી હતી. જેને કોર્ટે મંજૂર આપી દીધી છે. આજે આ મામલે બપોર ૩ વાગે સુનાવણી કરવામાં આવશે. અગાઉ હાથ ધરવામાં આવેલી સુનાવણીમાં અરજીકર્તા પ્રશાંત ભૂષણે સોદા વિશે રક્ષા મંત્રાલયની તે ફાઈલ નોટિંગ પ્રસ્તુત કરી જેને એક અંગ્રેજી સમાચારે છાપી હતી. પરંતુ એટર્ની જનરલે તેના પર વાંધો ઉઠાવ્યો અને કહ્યું હતું કે, આ ચોરી કરેલી છે. તપાસ ચાલી રહી છે, કેસ દાખલ કરવામાં આવશે. એટર્ની જનરલે સંરક્ષણ મંત્રાલયના નોંધની નોંધ લેવાનો વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે આ ગોપનીય દસ્તાવેજ છે. રાફેલ ડીલ મામલે આપ નેતા સંજય સિંહની પૂનઃવિચાર અરજી પર સુપ્રીમ કોર્ટે સુનાવણીથી ઈક્કાર કર્યો હતો અને કહ્યું હતું કે, ન્યાયપાલિકાની સામે આપત્તિજનક ટિપ્પણીના અંતર્ગત સંજય સિંહની પુનઃવિચાર અરજી પર સુનાવણી કરવામાં આવશે નહીં. સાથે જ કોર્ટે સંજય સિંહને પૂછ્યું કે, કેમ તમારી સામે અપમાનની કાર્યવાહી કરવામાં ના આવે? કોર્ટે સંજય સિંહ પાસે જવાબ પણ માગ્યો હતો. તો બીજીબાજૂ, એટર્ની જનરલ કેકે વેણુગોપાલે કોર્ટમાં જણાવ્યું હતું કે, ગોપનીય દસ્તાવેજ લીક કરવાના મામલે બે સમાચારો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટે આમ આદમી પાર્ટીના નેતા



સંજય સિંહના વકિલ સંજય હેગડેને પુછ્યુ હતું કે, તમે કઈ પાર્ટીના છો? તો હેગડેએ જવાબ આપ્યો હતો કે, આમ આદમી પાર્ટી. તો સીજેઆઈએ કહ્યું હતું કે, અમે તમારી અરજી નહીં સાંભળીએ, તમે અમારા નિર્ણય પર આપત્તિજનક ટિપ્પણી કરી હતી. અમે આ દિશામાં કોઈ કાર્યવાહી કરીશું. અટર્ની જનરલ કેકે વેણુગોપાલે કહ્યું હતું કે, જે દસ્તાવેજો એક અંગ્રેજી સમાચારે છાપ્યા, તેના પર સ્પષ્ટ પણે 'ગોપનીય' લખ્યું હતું. તેને સાર્વજનિક કરવામાં આવી શકે નહીં. જેની અવગણના કરી સમાચાર લખવામાં આવ્યા. તે ઓફિશિયલ સીક્રેટ્સ એક્ટના વિરુદ્ધમાં છે, આ દસ્તાવેજોને કોર્ટમાં પણ રજૂ કરવામાં આવ્યા હતા.

## ચૂંટણીમાં દારૂની માંગ વધતા ગોળની કિંમત આસમાને

(જી.એન.એસ)કોલ્હાપુર,તા.૧૩ લોકસભાની ચૂંટણી જાહેર થઈ ગઈ છે ત્યારે દેશમાં આચારસંહિતાનો અમલ થઈ ગયો છે. ચૂંટણીની જાહેરાત બાદ ગોળના વેપારીઓનો હરખ સમાતો નથી કારણ કે ચૂંટણી ટાણે દારૂની રેલમછેલ થવાની સંભાવના પાછળ ગોળના ભાવમાં ઉછાળો આવ્યો છે. એક સપ્તાહમાં ગોળના ભાવ પાંચ ટકા વધી ગયા છે. સૂત્રોના મતે લોકસભાની ચૂંટણી સાત તબક્કામાં યોજનારી છે ત્યારે આગામી સમયમાં ગોળના ભાવમાં વધુ ઉછાળો નોંધવાની શક્યતા છે. કોલ્હાપુર યાર્ડમાં ગોળના વેપારી પ્રમોદ લીગાડેના મતે તાજેતરમાં ગોળના ભાવમાં આવેલા ઉછાળામાં ક્વિન્ટલે ગોળની કિંમત ૨૦૦-૨૫૦ વધીને રૂ. ૩,૬૦૦-૪,૫૦૦ થઈ છે. વેપારીઓના મતે ચૂંટણી ટાણે દારૂ બનાવવા માટે ગોળને સતત એકાદ-બે દિવસ સુધી ગરમ કરી તેનો ઉપયોગ કરવામાં આવે છે. ગોળ પર જીએસટી લાગુ નથી થતો તેમજ તેના પર સ્ટોક લિમિટ પણ નથી. આ ઉપરાંત પેમેન્ટનો હાથબદલો પણ ઝડપથી થતો હોવાથી વેપારીઓને ખાંડ મિલો પાસે નાણાં મેળવવા લાંબો સમયની રાહ જોવી પડતી નથી. યુપીના વેપારીઓ અને હોલસેલરના મતે એક સપ્તાહમાં ગોળના ભાવ ક્વિન્ટલે રૂ. ૭૦-૧૦૦ વધ્યા છે. સ્થાનિક વેપારીના મતે ચૂંટણીને પગલે સ્થાનિક ડિસ્ટિલરી દ્વારા ગોળની માંગ વધી ગઈ છે. શેરડીની સીઝન પૂરી થઈ ગઈ છે અને હોળિ બાદ કિંમતોમાં ઘટાડો નોંધાઈ શકે છે. જો કે દર વખતે ચૂંટણીના માહોલને પગલે દારૂ બનાવવામાં ગોળનો ભરપૂર ઉપયોગ થતો હોવાથી ગોળની કિંમતોમાં ઉછાળો જોવા મળતો હોય છે. યુપી ઉપરાંત આંધ્ર પ્રદેશમાં ચિત્તુર અને અનાકાપલ્લી યાર્ડમાં પણ ગોળના ભાવ આસમાને પહોંચવાની વકી છે.

### પ્રતિબંધની સીધી અસર સ્પાઈસ જેટ અને જેટ એરવેઝ પર

## ઈથોપિયા દુર્ઘટનાને પગલે ભારતનો બોઈંગ ૭૩૭ મેક્સ-૮ જેટ વિમાનો પર પ્રતિબંધ

(જી.એન.એસ)ન્યુ દિલ્હી, તા.૧૩ ઈથિયોપીયાના એડીસ અબાબા શહેરમાં ૧૫૭ પ્રવાસીઓનાં જેમાં જાન ગયા હતા તે ઈથિયોપીયન એરલાઈન્સ વિમાનની દુર્ઘટનાને પગલે બોઈંગ ૭૩૭ મેક્સ-૮ વિમાનોને સેવામાંથી હટાવી લેવાનો ભારતે પણ નિર્ણય લીધો છે. આ દેશોમાં ભારતની સાથે સાથે બ્રિટન, ફ્રાન્સ, જર્મની, ઓસ્ટ્રેલિયા, સિંગાપુર, મલેશિયા, આયર્લેન્ડ, આઈસલેન્ડ, ઓમાન, ચીન ઈન્ડોનેશિયા દક્ષિણ કોરિયા અને આર્જેન્ટીના સામેલ છે. છ મહિનાની અંદર બોઈંગ ૭૩૭ મેક્સ-૮ના બે વિમાનો દુર્ઘટનાગ્રસ્ત થતા પૂરી દુનિયામાં ગભરાટ ફેલાયો છે. મંગળવારે મોડી રાતે ભારતે તાત્કાલિક અસરથી બોઈંગ ૭૩૭ મેક્સ-૮ના ઉડ્ડયન પર રોક લગાવી દીધી છે. મિનિસ્ટ્રી ઓફ એવિએશને કહ્યું છે કે જ્યાં સુધી આ વિમાનની સુરક્ષા સંબંધી તપાસ પૂરી ન થઈ જાય ત્યાં સુધી તેના ઉડ્ડયન પર રોક જારી રહેશે. ભારતમાં આ પ્રતિબંધની સીધી અસર સ્પાઈસ જેટ અને જેટ એરવેઝ પર પડી છે. સ્પાઈસ જેટ પાસે આવા લગભગ ૧૨, અને જેટ એરવેઝ પાસે પાંચ વિમાન પડ્યા છે. આ વિમાન પર પ્રતિબંધ લાવવાથી તેની અસર અન્ય ફ્લાઈટ્સ પર પણ પડશે તેવું લાગી રહ્યું છે. મુસાફરોની સુરક્ષા સર્વોપરિ છે. ડીજીસીએએ કહ્યું છે કે તેઓ સંબંધિત એરલાઈન્સો અને એજન્સીઓ સાથે સંપર્કમાં છે. ઉડ્ડયન મંત્રી સુરેશ પ્રભુએ તમામ એરલાઈન્સોની ઈમરજન્સી બેઠક બોલાવી છે. આ બેઠકમાં મુસાફરોને પરેશાનીથી બચાવવા અંગે ચર્ચા થશે. આ વિમાનોને લઈને એવો ભય ફેલાયો છે કે યુકેએ તો પોતાના એરોસ્પેસમાં જ આ વિમાનોના પ્રવેશ પર પ્રતિબંધ લગાવી દીધો છે. અગાઉ ડીજીસીએએ ગાઈડલાઈન જારી કરી હતી કે બોઈંગ ૭૩૭ મેક્સ-૮ ઉડાવવા માટે પાયલોટ પાસે ઓછામાં ઓછા ૧૦૦૦ કલાકનો અનુભવ જરૂરી છે. ભારતમાં આ કંપનીના વિમાન માત્ર સ્પાઈસ જેટ અને જેટ એરવેઝ જ ઉપયોગમાં લે છે.

## સંયુકત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદમાં ભારતે પાકિસ્તાનનો ઉધડો લીધો

(જી.એન.એસ)જીનેવા,તા.૧૩ જીનેવામાં ચાલતી સંયુકત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદના ૪૦મા સત્રમાં ભારતે ફરી એકવખત દુનિયાની સામે પાકિસ્તાનના નાપાક ચહેરાને બેનકાબ કર્યું છે. ભારતે દુનિયાને કહ્યું છે કે પીઓકે (પાકિસ્તાન અધિકૃત કાશ્મીર) પર પાકિસ્તાનના ગેરકાયદે કબ્જાના લીધે ત્યાંના લોકોને મુશ્કેલી ઝીલવી પડી રહી છે. સંયુકત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી મિશનના પ્રથમ સચિવ મિની કુમામે કહ્યું છે કે પીઓકેમાં રહેનારાઓને પાકિસ્તાનની સેનાના અત્યાચાર સહન કરવા પડી રહ્યાં છે અને તેમને મૂળ અધિકારોથી વંચિત રાખવામાં આવી રહ્યાં છે. તેનું તત્કાલ સમાધાન નીકળવું જરૂરી છે. કુમામે સંયુકત રાષ્ટ્રમાં પીઓકે સિવાય પાકિસ્તાનના બલુચિસ્તાન, સિંધ અને ખૈબર પખ્તૂનખ્વામાં લઘુમતી પર અત્યાચારનો મુદ્દો પણ ઉઠાવ્યો. તેમણે કહ્યું કે પાકિસ્તાન ભારતના વિરૂદ્ધ દુર્ભાવનાપૂર્ણ પ્રોપગેંડા માટે કાઉન્સિલનો દુરૂપયોગ કરી રહ્યા છે. કુમામે કહ્યું કે આજે જે બાબતો પર વાત કરવાની જરૂરિયાત છે તે છે પાકિસ્તાન દ્વારા ભારતના રાજ્ય જમ્મુ-કાશ્મીર પર ગેરકાયદે કબ્જો અને પાક સત્તાવાર કાશ્મીરના લોકોની પીડા. કુમામે કહ્યું કે પાકિસ્તાન દ્વારા સરહદ પર આતંકવાદનું સતત સમર્થન અને ભારતીય રાજ્ય જમ્મુ-કાશ્મીરમાં આપણા નાગરિકોને માનવધિકારોની રક્ષા અમારા માટે સૌથી મોટી પડકાર છે. કુમામે કહ્યું કે સંયુકત રાષ્ટ્ર દ્વારા પ્રતિબંધિત આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદને પાકિસ્તાની સેના કે રાજકીય નેતૃત્વ દ્વારા રાજ્ય નીતિના સાધન તરીકે ઉપયોગ કરવાનો ખુલાસો પહેલો જ થઈ ચૂકયો છે. કુમામે કહ્યું કે પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સમુદાયમાં આક્રમકતાના કૃત્યો, આતંકવાદીઓના સુરક્ષિત આશરો માટે જાણે છે. તેમણે કહ્યું કે સિંધ, બલુચિસ્તાન, અને ખૈબર પખ્તૂનખ્વામાં નાગરિકોના શોષણ કરનાર સૈન્ય કોર્ટે, ઈશનિંદા કાયદાના માધ્યમથી લઘુમતીઓને ઉત્પીડન, જબરદસ્તી ધર્મ પરિવર્તન અને લઘુમતીઓના લગ્ન કરાવા જઈ રહ્યા છે.

## પશ્ચિમ બંગાળને અતિ-સંવેદનશીલ રાજ્ય જાહેર કરવા ભાજપાની માંગ

(જી.એન.એસ)ન્યુ દિલ્હી, તા.૧૩ ભારતીય જનતા પાર્ટીના પ્રતિનિધિમંડળે ચૂંટણી પંચ સાથે મુલાકાત કરીને પશ્ચિમ બંગાળને અતિસંવેદનશીલ રાજ્ય જાહેર કરવાની માંગણી કરી છે. બીજેપીએ માંગણી કરી છે કે પશ્ચિમ બંગાળ રાજયમાં ફક્ત સીઆરપીએફ તહેનાત કરવામાં આવે. બીજેપીનું કહેવું છે કે તેમને પશ્ચિમ બંગાળ પોલીસ પર વિશ્વાસ નથી, આથી જ બંગાળ પોલીસની સુરક્ષામાં ચૂંટણી યોજવામાં ન આવે. ચૂંટણી પંચ સાથે મુલાકાત બાદ કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે જણાવ્યું કે, "બંગાળમાં ચૂંટણી દરમિયાન થતી હિંસાને કારણે અનેક લોકો પ્રભાવિત થયા છે. બંગાળમાં થતી હિંસાને ધ્યાનમાં રાખીને અમે ચૂંટણી પંચ સમક્ષ આખા બંગાળને અતિસંવેદનશીલ રાજ્ય જાહેર કરવાની માંગણી કરી છે. તમામ બૂથ પર સીઆરપીએફના જવાનોને તહેનાત કરવાની પણ માંગણી કરવામાં આવી છે. બંગાળમાં ચૂંટણી દરમિયાન મીડિયા પર પણ અઘોષિત પ્રતિબંધ રહેતો હોય છે. અમે મીડિયાને પ્રવેશ મળે તેવી માંગણી કરી છે."


ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

**ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો**

**બ્યુરોચીફ : મો. શફી મનસુરી**

**(મો.૮૧૪૦૧૨૬૭૮૬)**

**૪૧/જી, ઝેડ ક્રોન કોમપ્લેક્ષ, બેંક ઓફ બરોડાની પાછળ, ઝહીરાબાદ ગ્રામ પંચાયતની સામે, પાનપુર પાટીયા, હિમતનગર-(સા.કા.) ગુજરાત**

# ચૂંટણીલક્ષી જાહેરાત, પાટીયા, બેનર્સ, કટ આઉટ મૂકવા માટેના નિયમો

માહિતી બ્યુરો, નડિયાદ : ખેડા જિલ્લામાં લોકસભાની સામાન્યપ ચૂંટણી-૨૦૧૯ આગામી તા. ૨૩/૦૪/૨૦૧૯ના રોજ યોજાનાર છે. ચૂંટણી પ્રક્રીયા દરમિયાન રાજકીય પક્ષો/ઉમેદવારો દ્વારા વિશાળ કટઆઉટ, જાહેરાત, આઈટમો, બેનર્સ વિગેરે દ્વારા પૈસાની તાકાતનો આડંબર યુક્ત પ્રદર્શન ન કરે તે હેતુથી ભારતના ચૂંટણી પંચે નક્કી કરેલ આચારસંહિતા મુજબ અધિક જિલ્લા મેજીસ્ટ્રે ટ, શ્રી રમેશ મેરજાએ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ, ૩૩ (૧) (ડીએ) (ડીબી) થી સમગ્ર ખેડા જિલ્લામાં આગામી લોકસભાની સામાન્ય ચૂંટણીના સંદર્ભે ચૂંટણીલક્ષી જાહેરાત, પાટીયા, બેનર્સ, કટઆઉટ મુકવા માટે નકકી કર્યા મુજબ મંજુરી મેળવ્યાા બાદ જ કાર્યવાહી કરવા હૂકમ કર્યા છે. કોઈપણ રાજકીય પક્ષ/ઉમેદવાર/સંસ્થા્ અથવા વ્યતક્તિટ દ્વારા કટઆઉટ, હોર્ડીગ્સય, બેનર્સ, તોરણો, ધ્વીજ, પતાકા વિગેરે કોઈપણ જાહેર જગ્યાયએ તેમજ જાહેર રસ્તા/ ઉપર મુકી શકાશે નહી. એટલેકે સરકાર, નગરપાલિકા કે સ્થામનિક સ્વેરાજયકની સંસ્થાનઓ વિગેરે હસ્તસકની જાહેર જગ્યાયએ (આવી જગ્યાં કે મિલ્ક ત ભાડે આપી હશે તો પણ) મુકી શકાશે નહી. જો કટઆઉટ, હોર્ડીગ્સર વિગેરે ખાનગી મિલ્કલતની જ્યાડે એ મુકવામાં આવેતો, દર્શાવેલ શરતોનું પાલન થવુ જોઈશે અને તોજ ખાનગી માલિકીની જગ્યાએ આવા કટઆઉટ/ જાહેરાત/ પાટીયા/ બેનર્સ મુકી શકાશે. કોઈપણ રાજકીય પક્ષ/ ઉમેદવાર અથવા કોઇ વ્યક્તિએ ખાનગી જગ્યામાં મુકેલ કટઆઉટ, જાહેર પટીયા બેનર્સ વિગેરે મુકતા પહેલા જે તે જગ્યાના માલિકની લેખિત મંજુરી મેળવવાની રહેશે.તે અંગેની જાણ મંજુરી જિલ્લા ચૂંટણી અધિકારી, ચૂંટણી અધિકારી, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને તે લગાવ્યાના ત્રણ દિવસની અંદર કરવાની રહેશે. મદદનીશ ચૂંટણી અધિકારીની પુર્વ મંજુરી મેળવ્યા બાદ જો તે રાજકીય પક્ષ/ઉમેદવાર અથવા કોઇ વ્ય ક્તિ એ ખાનગી જયારત માં કટઆઉટ/ જાહેરાત/પાટીયા/બેનર્સ વિગેરે મુક્યાર હશે તે જગ્યાદના માલિકની લેખિત મંજુરી લીધેલ હોવી જોઈએ, આ મંજુરી જિલ્લા ચૂંટણી અધિકારી, ચૂંટણી અધિકારી, મદદનીશ ચૂંટણી અધિકારી પોલીસ અધિકારી અથવા આ અંગે અધિકૃત કરેલ કોઇ પણ અધિકારી જોવા માંગે ત્યાટરે તેઓ સમક્ષ રજુ કરવાની રહેશે. હોર્ડીગ્સેની સાઈઝ ૧૫ ફૂટ □૮ ફૂટ થી વધારે હોવી જોઈએ નહી, કટઆઉટની ઉંચાઇ ૮ ફૂટથી વધારે હોવી જોઈએ નહી, કટઆઉટ, જાહેરાત, પાટીયા, બેનર્સ વગેરે કોઇ સ્થ૮ળે મુક્વાર અંગેની જાણ ચૂંટણી અધિકારીશ્રી/ મદદનીશ અધિકારીશ્રીને કરવાની રહેશે તથા તેમની મંજુરી લેવાની રહેશે. આ અંગેનો ખર્ચ જે વિસ્તા રમાં હોર્ડીગ્સગમાં કટઆઉટ વિગેરે મુકેલ હોઇ તે વિસ્તા રના સબંધકર્તા ઉમેદવાના ચૂંટણી ખર્ચમાં દર્શાવવાનો રહેશે, ખાનગી મિલ્કરતોમાં હોર્ડીગ્સા, કટ-આઉટ વિગેરે મુકવા માટે સ્થાજનિક કાયદાનુસાર સબંધિત સત્તાધિકારીની પરવાનગીની જરૂર હોય તેવા પ્રસંગે આવી પરવાનગી લીધેલી હોવી જોઈએ.તથા કટઆઉટ, જાહેરાત, પાટીયા, બેનર્સ વગેરે કોઇ સ્થવળે મુક્વાતમાં આવેતે વિસ્તારમાં અમલમાં હોય તેવા સ્થાનિક નિયમો અથવા પેટા નિયમોનું પાલન કરવાનું રહેશે. આ જાહેરનામાનો અમલ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાપ સુધી કરવાનો રહેશે. કોઇ રાજકીય પક્ષ/ ઉમેદવાર તથા કોઇ વ્યઈક્તિળ દ્વારા ઉક્તહ નિયમોનો ભંગ કરી ચૂંટણીલક્ષી કટ-આઉટ,જાહેરાત, પાટીયા અથવા બેનર્સ પ્રદર્શિત કરવામાં આવશે તો તે ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ તથા ૧૭૧ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

# મુદ્રક પ્રકાશકના નામ અને સરનામા વગરના ચૂંટણીને લગતા ભીંતચિત્રો ચોપાનીયા પ્રસિધ્ધ કરી શકાશે નહીં

માહિતી બ્યુરો, નડિયાદ : ખેડા જિલ્લામાં લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯નું મતદાન તા.૨૩/૦૪/૨૦૧૯ તેમજ મત ગણતરી તા.૨૩/૦૫/૨૦૧૯ના રોજ યોજાનાર છે. ખેડા જિલ્લાના તમામ ખાનગી મુદ્રાલયોના માલિકો/ સંચાલકોને તથા ઝેરોક્ષ કે અન્ય રીતે નકલો છાપનારાઓએ ચૂંટણી પંચની સૂચનાઓનું જિલ્લાના તમામ પ્રેસ માલિકોને ચૂસ્તપણે પાલન કરવા જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી સુધીર પટેલે તાકીદ કરી છે. કોઈપણ વ્યક્તિ જેના પર મુદ્રક અને પ્રકાશનના નામ સરનામા ન હોય એવા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતચિત્રો છાપી કે પ્રસિધ્ધ કરી શકાશે નહીં અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શકાશે નહીં. પ્રકાશકની ઓળખ અંગેના બે વ્યક્તિઓએ શાખ કરેલા એકરારનામાની બે નકલ મુદ્રકને આપવાની રહેશે અને મુદ્રકે આવા એકરારપત્રો બે નકલમાં મેળવી લેવાના રહેશે. દરેક મુદ્રણાલય, ફોટો કોપી કરનાર કે રોનીયો કોપી કાઢનાર કે કોમ્પ્યુટર પ્રિન્ટ કાઢનારે ચૂંટણી સાહિત્ય છપાયા પછી એકરારપત્રની એક નકલ અધિકૃત રીતે તથા છાપેલ સાહિત્યની ચાર નકલો અલગ અલગ રીતે બતાવીને કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટને ઉદ્દેશીને કલેકટર કચેરીની એક્સ્ટ્રા ચીટનીસ શાખામાં દિન-૩માં મોકલી આપવાની રહેશે. મુદ્રકની પરિભાષા લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૨૭(એ)(૩) મુજબ ગણવામાં આવશે. પ્રેસ અને પુસ્તક રજિસ્ટ્રેશન અધિનિયમ-૧૮૬૭ અંતર્ગત જિલ્લામાં કોઈપણ પ્રિન્ટીંગ પ્રેસના માલિક અથવા મુદ્રકનું રજિસ્ટ્રેશન જિલ્લા મેજિસ્ટ્રેટ પાસે કરાવવાનું ફરજિયાત છે. આવા રજિસ્ટ્રેશન કરાવ્યા વગર પ્રેસ ચાલુ કરવું એ આ અધિનિયમ હેઠળ ગુનાને પાત્ર ઠરે છે. ઉપર્યુક્ત જોગવાઈઓનો ભંગ કરનાર વ્યક્તિ સામે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ -૧૨૭(ક)ની જોગવાઈઓ તથા પ્રેસ રજિસ્ટ્રેશન એક્ટ-૧૮૬૭ હેઠળ પગલાં લેવામાં આવશે. મુદ્રણાલયનું લાયસન્સ રદ કરવાની કાર્યવાહી કરવામાં આવશે તથા આ સૂચનાઓનો અનાદર કરનાર વ્યક્તિ સામે કાયદાકીય રીતે કાર્યવાહી થઈ શકે છે અને કાયદાઓ હેઠળ છ માસની જેલની સજા અથવા રૂા. ૨૦૦૦/- દંડની સજા અથવા બંને સજાઓ થઈ શકે તેવી જોગવાઇ છે. આવા લખાણોમાં ધર્મ, જાતિ, કોમ કે ભાષાને આગળ ધરીને અપીલ કરવી અથવા વિરોધી ઉમેદવારના ચારિત્રય ખંડન જેવી કોઈ ગેરકાનુની બાબતોનો સમાવેશ કરી શકાશે નહીં. મતદારોના માર્ગદર્શન માટે છપાવવામાં આવતી ઓળખ કાપલીમાં કોઇ ચોક્કસ ઉમેદવાર કે પક્ષનો પ્રચાર થાય તેવી કોઈ વિગત છપાવી શકાશે નહીં, એટલે કે, ઓળખ કાપલીમાં પ્રકાશક, ઉમેદવાર કે પક્ષના નામ છપાવવાના રહેશે નહીં. જિલ્લાના તમામ પ્રિન્ટીગ પ્રેસ, ફોટોકોપી કે લેજર, રોનીયો, કોમ્પ્યુટર પ્રિન્ટીંગ કરનાર સંચાલકોએ પોતાના નામ સરનામા અંગેની માહિતી સબંધીત મામલતદાર કચેરીમાં દિન-૨માં મોકલી આપવા તાકીદ કરવામાં આવી છે.

# લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯ અંતર્ગત ચૂંટણી સાહિત્યના પ્રકાશન અંગે મુદ્રક અને પ્રકાશકે લોકપ્રતિનિધિત્વ જોગવાઈઓનો ચુસ્ત અમલ કરવાનો રહેશે

માહિતી બ્યુરો, લુણાવાડા, ભારતના ચૂંટણી પંચ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ મહીસાગર જિલ્લામાં લોકસભા ચૂંટણીઓની ચૂંટણીનું મતદાન તા. ૨૩/૦૪/૨૦૧૯ ના રોજ નિયત કરવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૩/૦૫/૨૦૧૯ ના રોજ હાથ ધરાનાર છે. ચૂંટણીઓના પ્રચાર માટે ચોપાનીયા, ભીતપત્રો, હેન્ડ બીલ વિગેરે પ્રકારનું સાહિત્ય ઉમેદવારો કે રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારોની ઓળખ માટે કે ચૂંટણી પ્રચારમાં ઉપયોગમાં લેવા માટે વિવિધ સ્થળે છાપકામ કરાવી પ્રસિદ્ધ કરવામાં આવે છે તથા લોકોમાં વહેચણી કરવામાં આવે છે. આવા દસ્તાવેજોમાં ધર્મ, જાતિ, જ્ઞાતિ, કોમ કે ભાષાને આગળ ધરીને મતદારોને અપીલ કરવી અથવા વિરોધી ઉમેદવારના ચારીત્ર્ય ખંડન જેવી કોઈ, ગેરકાનુની વાંધાજનક બાબત કે લખાણનો સમાવેશ થતો હોય તો સબંધિત વ્યકિત સામે આવશ્યક શિક્ષાત્મક કે નિયંત્રક પગલાં લઈ શકાય તે માટે ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીતપત્રો, હેન્ડ બીલ વિગેરેના મુદ્દા અને પ્રકાશન અંગે રાજ્ય ચૂંટણી પંચના તા. ૦૬/૦૧/૨૦૧૦ ના આદેશ ક્રમાંકઃ રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩ (૧)-૧૨૨૦૦૯-ક થી નિયંત્રણો લાગુ કરવા સુચના આપવામાં આવેલ છે. ઉપરોકત જોગવાઈની ચુસ્ત અમલવારી કરવા સારૂ જરૂરી હુકમ કરવા માટેના યોગ્ય કારણો જણાતા હોય હું આર.બી.બારડ, આઈ.એ. એસ. કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, મહીસાગર લુણાવાડા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ -૧૪૪ થી મળેલ સત્તાની રૂએ આથી ફરમાવુ છું કે કોઈ પણ વ્યકિત કે સંસ્થા જેના પર તેના મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય એવા ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીતપત્રો છાપી કે પ્રસિદ્ધ કરી શકશે નહી અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શકાશે નહી, કોઈ પણ વ્યકિત કે સંસ્થા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીતપત્રો છાપી શકરો નહી કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહી સિવાય કે, તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતી હોય તેવી બે વ્યકિતઓએ શાખ કરેલા પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ તેણે મદ્રકને આપી હોય અને લખાણ છપાયા પછી મુદ્રકે ત્રણ દિવસમાં લખાણની એક નકલ સાથે એકરારપત્રકની એક નકલ જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરીને તથા સંબંધિત ચૂંટણી અધિકારીની કચેરીને મોકલી હોય, આ જોગવાઈ પુરતું હાથે નકલો કરવા સિવાય લખાણની વધુ નકલો કઢાવવાની કોઈ પણ પ્રક્રિયા મુદ્રણ ગણાશે અને મુદ્રક એ શબ્દના તે પ્રમાણે અર્થ થશે. છાપેલા ચૂંટણી અંગેનો કોઈ ચોપાનીયા કે ભીતપત્રો કે આવી અન્ય સામગ્રી પર મુદ્રક પંકિતમાં મુદ્રાણ અને પ્રકાશકના પુરા નામ, સરનામાં, અને ફોન મોબાઈલ નંબર દર્શાવવાના રહેશે. મુદ્રકે પ્રકાશક પાસેથી મેળવેલી એકરાર પત્રાક જોડાણ-ક અને જોડાણ-ખ ના નિયત નમુનામા છાપકામ કર્યાના ત્રણ દિવસની અંદર જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરીએ તથા સંબંધિત ચુંટણી અધિકારીશ્રીને રજુ કરવાનું રહેશે. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંધન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે. આ જાહેરનામું તા. ૧૧/૦૩/૨૦૧૯ થી તા.૨૭/૦૫/૨૦૧૯ સુધી અમલમાં રહેશે. આ હુકમ અન્વયે મહીસાગર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે આઈ.પી.સી. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

# સાયલા તાલુકામાં કવોરી લીઝ/સ્ટોનક્રશર દ્વારા થતા પ્રદૂષણ અટકાવવા જરૂરી સુચનાઓ અપાઈ

માહિતી બ્યુ રો, સુરેન્દ્રનગરઃ સાયલા તાલુકાના સુદામડા રોડ પરના ક્વોરી લીઝ/સ્ટોલન ક્રશર ધરાવતા માલિકોને જાણ કરવામાં આવે છે કે, સાયલા તાલુકામાં બ્લેક સ્ટોકન ખાણો આવેલી છે. આ ખાણોમાંથી નીકળતા ખનીજ કાળા પથ્થઆરને ક્વોરીલીઝ/ સ્ટોમન ક્રશરો દ્વારા ક્રશ કરી કપચી બનાવી જુદા જુદા બાંધકામ હેતુના વપરાશ માટે વેચાણ માટે ખાણ ખનીજ દ્વારા સાયલા તાલુકાના સાયલા, સુદામડા, થોરિયાળી, મોટાકેરાડા અને જુનાજસાપરા વગેરે ગામોમાં ક્વોરી લીઝ મંજુર કરવામાં આવેલ છે. આ ક્વોરી લીઝ માલિકો દ્વારા સ્ટોન ક્રશરો મારફત ખાણોમાંથી નીકળતા ખનીજ/ કાળા પથ્થુરો ક્રશ કરી કપચી બનાવવાની જે પ્રક્રિયા કરવામાં આવે છે.તેના કારણે ધુળ/ કપચી પાઉડર ઉડવાથી પ્રદૂષણ થાય છે. લીબડી સબ ડીવીઝનલ મેજીસ્ટ્રે ટની અધ્ય. ક્ષતામાં સાયલા મામલતદાર, પોલીસ સબ ઈન્સડપેકટરની ઉપસ્થિતમાં સાયલા તાલુકામાં આવેલ તમામ ક્વોરી લીઝ ધારકો/ સ્ટો ન ક્રશર સંચાલકો સાથે બેઠક યોજી ક્વોરી લીઝો દ્વારા થતું પ્રદૂષણ અટકાવવા જરૂરી સુચનાઓ આપવામાં આવેલ હતી. જે અનુસાર કવોરી લીઝ/ સ્ટો ન ક્રશરો દ્વારા થતું પ્રદૂષણ અટકાવવા તમામ કવોરી લીઝ/ સ્ટોન ક્રશર ધારકો પ્રદૂષણ અટકાવવા સંબધેના ખાણ ખનિજ ખાતાના નિયમ અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના નિયમો મુજબ સંપુર્ણપણે અમલવારી કરવી. સ્ટોતન ક્રશર માટે મંજુર થયેલ જમીન વિસ્તાીર ફરતે ઉંચી દિવાલ બનાવવી અને પ્રદૂષણ નિયંત્રણ માટે જરૂરી નેટ/ પતરાના શેડથી બેરીકેટીગ કરવું. કવોરી લીઝ/ સ્ટોન ક્રશરની ચારેબાજુ નિયમોનુસાર જરૂરી માત્રામાં વૃક્ષોનું વાવેતર કરી વૃક્ષ ઉછેર કરવા. સાયલા, સુદામડા, થોરીયાળી, મોટા કેરાળા રોડ તથા સાયલા- જુના જસાપર રોડ ઉપર દરરોજ રોડની બંને સાઈડમાં આવેલા સ્ટોન ક્રશરધારકો એ સાંજના ૫-૦૦ કલાકથી રાત્રીના ૯-૦૦ કલાક સુધી કામગીરી બંધ રાખી પ્રદૂષણ અટકાવવું તથા સ્ટોએનક્રશર મશીન ચાલુ હોય તે સમય દરમિયાન ઉપલબ્ધીતા પ્રમાણે પાણીના ફુવારા શરૂ રાખવા જેથી વાતાવરણમાં ઉડતી ડસ્ટ નું પ્રમાણ ઘટાડી શકાય. બ્લેક સ્ટોનની ખાણો ધરાવતા કવોરી લીઝ ધારકો દ્વારા ખાણોથી કવોરી લીઝ વચ્ચેસના પરિવહન વિસ્તાીરમાં રોયલ્ટીણ પાસ વગર કાળા પથ્થ રોનું વહન કરવા દેવાની પરવાનગી આપવા રજુઆત થયેલ પરંતુ ખાણ ખનિજ ખાતાના નિયમોનુસાર ખાણના સ્થ ળેથી જ રોયલ્ટીન પાસ સાથે જ આવો ખનિજનો જથ્થો વહન કરવાની જોગવાઈ હોય જે સરકારશ્રીના નિયમો અધિકાર ક્ષેત્રની બાબત હોય નિયમોનુસાર અમલવારી કરવાની થાય છે. અમલ નહીં કરનારને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના નિયમોનુસાર તેમજ ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ ૧૩૩ અનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની તમામ સબંધિતોએ નોંધ લેવા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેઈટ લીબડી દ્વારા જણાવાયું છે.

# લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯ અંતર્ગત ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ -૧૪૨ હેઠળ જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે નશાયુક્ત પદાર્થોના વેચાણ ઉપર પ્રતિબંધ

માહિતી બ્યુરો, લુણાવાડાઃ- ભારતના ચૂંટણી પંચ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ મહીસાગર જિલ્લામાં લોકસભા ચૂંટણીઓની ચૂંટણીનું મતદાન તા. ૨૩/૦૪/૨૦૧૯ ના રોજ નિયત કરવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૩/૦૫/૨૦૧૯ ના રોજ હાથ ધરાનાર છે. મહીસાગર જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણીઓ-૨૦૧૯ દરમ્યાન સમગ્ર મહીસાગર જિલ્લાના મતદારોને આદર્શ લોકશાહીની પ્રતિતી કરાવે તેવી શાંત, સ્વચ્છ અને નિષ્પક્ષ ચૂંટણી યોજાય તેવું વાતાવરણ સર્જવા, ચૂંટણી દરમ્યાન નશીલા પદાર્થોના ઉપયોગની અસર અને જાહેર જીવનને પરેશાન કરે તવી શક્યતા નિવારવા, કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા તેમજ જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે દારૂ અને નશાયુક્ત પદાર્થોનું વેચાણ કે પીરસવાનું અટકાવવા માટે ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ ની કલમ –૧૪૨ થી અધિકારની રૂએ આર.બી.બારડ (આઈ.એ.એસ) જિલ્લા મેજીસ્ટ્રેટ મહીસાગર દ્વારા જીલ્લામાં આવેલ દારૂ અને નશાયુક્ત પદાર્થોના વેચાણ માટેના પરવાના ધરાવનારાઓએ મહીસાગર જિલ્લાના વિસ્તારમાં લોકસભા મતદાર વિભાગની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ ની સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી દારૂ અને નશાયુક્ત પદાર્થોનું વેચાણ થતુ હોય તેવા સ્થળો બંધ રાખવા તથા અત્રેના જિલ્લાના તાલુકાઓની સરહદ/ સીમા પાડોસી રાજ્ય સાથે જોડાયેલ છે. સદર સરહદીય ગામોમાંથી તથા કડાણા ડેમના જળ માર્ગેથી દારૂની હેરફેર અત્રેના જિલ્લામાં થવાની શક્યતા નકારી શકાય તેમ નથી જેથી અત્રેના જિલ્લાના ડિટવાસ, પાંડરવાડા તથા ખેડાપા ગામો તેમજ સમગ્ર જિલ્લામાં દારૂની હેરફેર/ વેચાણ પર પ્રતિબંધ લાદવામાં આવેલ છે. આ હુકમનો ભંગ/ ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ની કલમ- ૬૮ તથા ૯૦ ની જોગવાઈ મુજબ તેમજ લોક પ્રતિનિધિત્વ (સુધારા) અધિનિયમ-૧૯૯૬ ધ્વારા દાખલ કરવામાં આવેલ લોક પ્રતિનિધિત્વ-૧૯૫૧ ની કલમ-૧૩૫ (સી) મુજબ કેદ અથવા દંડ અથવા બન્ને શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામું તા. ૧૧/૦૩/૨૦૧૯ થી તા.૨૭/૦૫/૨૦૧૯ સુધી અમલમાં રહેશે.

# જિલ્લા કલેકટરશ્રીએ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી

માહિતી બ્યુરો, મહેસાણા, લોકસભાની સામાન્ય ચુંટણી ૨૦૧૯ અન્વયે જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર એચ.કે.પટેલે આદર્શ આચારસંહિતાના અમલ માટે તથા રેટચાર્ટ નક્કી કરવા માટે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી હતી.જિલ્લા ચુંટણી અધિકારીએ જણાવ્યું હતુ કે, રાજકીય પક્ષોને જુદી જુદી મંજૂરી માટે રાજય ચુંટણી પંચ દ્વારા સીંગલ વિન્ડો સીસ્ટમની સુવિધા એપ શરૂ કરવામાં આવી છે. તેમણે રાજકીય પક્ષોના આગેવાનોને રેલી, સભા યોજવા અગાઉથી મંજૂરી, ખાનગી માલિકીની જમીન-મકાન પર પરવાનગી વગર હોડ'ગ્સ કે લખાણ ન કરી આચાર સંહિતાનો અમલ કરવા ભારપુર્વક જણાવ્યુ હતુ. ઉપરાંત ચુંટણીલક્ષી હેન્ડબીલ, બેનરો, હોર્ડીગ્સ, ઈલેકટ્રોનીક મીડીયામાં થનારા ખર્ચ, ચુંટણી પ્રચાર માટેનો ખર્ચ જેવા ખર્ચની બાબતોને સમયસર પ્રમાણિકરણ કરી રજુ કરવા જણાવાયું હતુ.બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અને ઉમેદવાર ખર્ચના નોડલ એમ.વાય.દક્ષિણી ઉમેદવારોના ખર્ચના પુરાવાઓ સાથે સમય મર્યાદામાં ખર્ચની વિગતો મળી રહે તે માટે અનુરોધ કર્યો હતો., ચૂંટણી પ્રક્રિયાના અનુસંધાને વિવિધ પ્રકારની ટીમોની રચના કરવામાં આવી છે. જેમાં ખર્ચ સમિતિ, આદર્શ આચાર સંહિતા સમિતિ, એમસીએમસી, ફ્લાઈંગ સ્ક્વોડ, સ્ટેટિક સર્વેલન્સ સ્ક્વોડની રચના કરવામાં આવી છે.ચૂંટણી પંચ દ્વારા અમલમાં મુકવામાં આવેલી આદર્શ આચાર સંહિતાની બાબતની સમજ આપતા કલેકટરશ્રીએ રાજકીય પક્ષોને તેનું પાલન કરવા પણ જણાવ્યું હતું.ખાસ કરીને ખર્ચની બાબતમાં ચૂંટણી તંત્ર દ્વારા નિયત કરવામાં આવેલા દરોના આધારે જે તે ઉમેદવારના વ્યક્તિગત ખાતામાં ચૂંટણીનો ખર્ચ ગણવામાં આવશે જેને માટે શેડો રજિસ્ટર નિભાવણી કરાઈ છે. લોકસભા ઉમેદવાર માટે રૂ. ૭૦ લાખની ખર્ચ મર્યાદા નક્કી કરવામાં આવી છે તેવી જાણકારી પણ આપી હતી અને ઉમેદવારે ચૂંટણી માટેનું અલગથી બેંક ખાતુ ખોલવાની પ્રક્રિયા સમજાવી હતી. વિવિધ બાબતનો ભાવપત્રકો રાજકીય પક્ષોને આપવામાં આવ્યા હતા.આદર્શ આચારસહિતાની અમલ ચૂંટણી ખર્ચના નિરીક્ષણ લગતની કાયદાકીય માહિતી આપવામાં આવી હતી. ઉમેદવારે ઉમેદવારી ફોર્મ સાથે રજુ કરવાના એફીડેવીટ નમૂનો-૨૬ મુજબ આપવા ખાસ અપીલ કરાઈ હતી. આ ઉપરાંત ઉંઝા વિધાનસભાની પેટા ચૂંટણી યોજાનાર છે જેની માહિતી આપી હતી.બેઠકમાં સંબધિત અધિકારીઓ સહિત રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દિવ્યાંગ મતદારો માટે PWD APP વિકસાવવામાં આવી

માહિતી બ્યુરો, નડિયાદ : ખેડા જિલ્લાબમાં આગામી લોકસભા ચૂંટણીમાં ૮૧૮૦ જેટલા દિવ્યાંકગ મતદારો નોંધાયા છે, આ દિવ્યાંાગ મતદારો સરળતાથી મતદાન કરી શકે તે માટે જિલ્લાઃ ચૂંટણી તંત્ર દ્વારા દરેક બુથ ઉપર આનુષાંગિક સુવિધાઓ ઉભી કરવામાં આવી હોવાનું જિલ્લાં ચૂંટણી અધિકારીશ્રી સુધીર પટેલે જણાવ્યુંષ છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા લોકસભા ચૂંટણીમાં દિવ્યાં ગો માટે PWD APP વિકસાવવામાં આવી છે. જે મતદારયાદીમાં નામ નોંધાવવા, નામમાં સુધારા કરાવવા, અન્યી કોઈ વિગતમા સુધારા કરાવવા માટે મદદરૂપ થશે. આ ઉપરાંત મતદાર સમયે વ્હિમલચેરની જરૂર હોય તો આ એપ દ્વારા તેની પણ માગણી કરી શકાશે. જેથી જે તે દિવસે મતદાન કેન્દ્રટ ખાતે દિવ્યાં ગ મતદાર બ્રેઈલ પેપર અને બ્રેઈલ વોટર સ્લીતપ આ એપ દ્વારા ઉપલબ્ધ કરાવી શકશે. શ્રી સુધીર પટેલે ઉમેર્યું કે, મતદારો તેમનું નામ મતદાર યાદીમાં નોંધાવવા માટે VOTER HELPLINE MOBILE APP દ્વારા અરજી કરી શકશે. અરજી કર્યા પછી કામમાં શું પ્રગતિ થઈ તે જોઈ શકશે. મતદાન અંગેનું તમામ માર્ગદર્શન પણ આ એપ દ્વારા મેળવી શકાશે.

## ખેડા જિલ્લા માં સરકારી અને ખાનગી ઈમારતો પરથી ૧૦૫૯ જેટલા પોસ્ટધર બેનર્સ હટાવાયા

માહિતી બ્યુરો, નડિયાદ- લોકસભાની સામાન્યય ચૂંટણી અન્વ યે ખેડા જિલ્લામાં જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આદર્શ આચાર સંહિતાનો ચુસ્તટ અમલ કરવામાં આવી રહયો છે. જિલ્લાક ચૂંટણી તંત્ર દ્વારા રાજકીય પક્ષોના પોસ્ટાર, બેનર્સ, લખાણો હટાવવાની કામગીરી જિલ્લાોના દશ નગરપાલિકા વિસ્તા ર તેમજ તાલુકા કક્ષાએ ટીમો બનાવી ચૂંટણી જાહેર થતાની સાથે જ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરીના ભાગરૂપે જાહેર મિલ્કજતો ઉપર જોવા મળેલ ૨૬ ભીંત લખાણો, ૩૧૫ પોસ્ટેર, ૧૫૫ બેનર્સ તથા અન્યલ ૪૬૮ પ્રકારની સામગ્રી હટાવવામાં આવી છે. જયારે ખાનગી મિલ્કમત પરથી ૨૯ ભીંત લખાણો, ૪૧ પોસ્ટ ર, બેનર્સ ૧૮ તેમજ અન્યન ૭ પ્રકારની પ્રચારાત્માક સામગ્રી હટાવવામાં આવી હતી. આ કુલ ૧૦૫૯ જેટલા પોસ્ટાર-બેનર્સ હટાવવામાં આવ્યાત હતા. આદર્શ આચાર સંહિતાના અસરકારક અમલીકરણ માટે મુખ્યી નોડલ અધિકારીની જવાબદારી જિલ્લાસ ગ્રામ વિકાસ એજન્સીસના નિયામકશ્રી કે.ડી.લાખાણીને સોંપવામાં આવી છે.

## ખેડા જિલ્લામાં લોકસભા ચૂંટણી દરમિયાન જાહેરમાં લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ

માહિતી બ્યુરો, નડિયાદ : લોકસભાની સામાન્યા ચૂંટણી-૨૦૧૯ તા.૨૩/૦૪/૨૦૧૯ના રોજ યોજાનાર હોઇ, ખેડા જિલ્લામાં લોકસભાની ચૂંટણી દરમ્યા ન રસ્તાુમાં અથવા રસ્તાલ નજીક અથવા સાર્વજનિક કે ખાનગી જગ્યાવઓમાં ક્કપ્રચાર કે અન્યટ હેતુ માટે જાહેરમાં લાઉડ સ્પીકર દ્વારા જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન થતું અટકાવવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, શ્રી રમેશ મેરજાએ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩(૧) (થ) થી સમગ્ર ખેડા જિલ્લામાં તા.૨૭/૦૫/૨૦૧૯ સુધી રસ્તા માં અથવા રસ્તાજ નજીક અથવા સાર્વજનિક કે ખાનગી જગ્યાઓમાં ચૂંટણી ક્કપ્રચાર કે અન્યક હેતુ માટે જાહેરમાં લાઉડ સ્પીલકર વગાડવા માટેના નિયમોનું પાલન કરવા ફરમાવ્યું છે. તદ્અનુસાર કોઈપણ વ્યૂક્તિ જાહેર કે ખાનગી જગ્યામઓમાં સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય જાહેરમાં લાઉડ સ્પીકર વગાડી શકશે નહી તેમજ જાહેર સભાઓમાં સ્થિરત અને ચાલુ વાહનો પરના લાઉડ સ્પીકરોનો ઉપયોગ કરી શકશે નહી. લાઉડ સ્પીકર વગાડવા સક્ષમ અધિકારીશ્રી તરફથી પરવાનગી મળ્યેથી લાઉડ સ્પીકર લાઉડ સ્પીકકર ફકત સવારના ૬-૦૦ કલાકથી રાત્રીના ૧૦-૦૦ કલાક સુધી જ જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન ન થાય એવી રીતે વગાડવાનું રહેશે. લાઉડ સ્પીજકર વગાડવાની પરવાનગી મળેલ હોય તેમ છતાં પરવાનગીના સ્થભળ નજીક સરકારી કે અર્ધસરકારી કચેરીઓ, શૈક્ષણિક કે ધાર્મિક સંસ્થાાઓ કે દવાખાના આવેલ હોય તો કચેરીઓ, સંસ્થા ઓની કામગીરીમાં કોઈપણ ડખલગીરી ન થાય તે રીતે તદ્દન ધીમા અવાજથી વગાડવાની રહેશે. આ હૂકમ સમગ્ર ખેડા જિલ્લાના વિસ્તાનરને લાગુ પડશે. આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર વ્યમક્તિે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૧ (બી) (૩) મુજબ તથા ચૂંટણી અંગેના આચાર સંહિતાની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

## ખેડા જિલ્લામાં લાયસન્સાવાળા શસ્ત્રોની હેરાફેરી ઉપર પ્રતિબંધ

માહિતી બ્યુરો, નડિયાદ : આગામી ૨૩/૦૪/૨૦૧૯ના રોજ ખેડા જિલ્લામાં લોકસભાની સામાન્યે ચૂંટણી-૨૦૧૯ યોજાનાર હોઈ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમ્યાંન કાયદો અને વ્યંવસ્થાનની પરિસ્થિપતિ જળવાઈ રહે તથા કોઈ અનિચ્છેનિય બનાવ ન બને અને તેના કોઈ પ્રત્યા ઘાત ન પડે તેમજ મતદાન શાંતિ રીતે પૂર્ણ થાય તે માટે ફોજદારી કાર્યરિતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળના પ્રતિબંધાત્મોક હુકમો બહાર પાડી અધિક જિલ્લા મેજીસ્ટ્રે ટ, શ્રી રમેશ મેરજાએ તા.૨૭/૦૫/૨૦૧૯ સુધી સમગ્ર ખેડા જિલ્લામાં લાયન્સસ વાળા શસ્ત્રોની હેરાફેરી ઉપર પ્રતિબંધ ફરમાવ્યોજ છે. આ હુકમ ચૂંટણી ફરજ ઉપર હોય અને ફરજના ભાગરૂપે હથિયાર સાથે રાખવાનું જરૂરી હોય તેમજ બેન્કર/જાહેર સંસ્થા//ખાનગી સિક્યુ રિટીના વોચમેનો કે જેઓને નાણાંકીય હેરફેર અને સુરક્ષા માટે હથિયારની જરૂરિયાત રહેતી હોય તેવી વ્યિક્તબને લાગુ પડશે નહી. આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫ માં) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

## ચુંટણી દરમિયાન રૂા.૧૦ લાખથી વધુ રોકડ પકડાશે તો ઈન્કમટેકસને સોંપી દેવાશે

માહિતી બ્યુરો, નડિયાદ : લોકસભા ચૂંટણી દરમિયાન કોઈપણ વાહનમાંથી રોકડા રૂા.૧૦ લાખથી વધુ મળશે અને જો પુરાવા હશે તો સ્ટેકટીક ટીમ આ રકમ જમા કરશે નહીં પરંતુ આવકવેરા વિભાગને જાણ કરવામાં આવશે. ચૂંટણી પ્રચાર દરમિયાન ઉમેદવાર, પ્રતિનિધિ કે પક્ષના કાર્યકર દ્વારા ઉપયોગમાં લેવાયેલા વાહનમાં રૂા.૫૦ હજારથી વધુ રોકડ રકમ અથવા વાહનમાં પોસ્ટવર, ચૂંટણી સામગ્રી, દારૂ, માદક દ્રવ્યોફ કે હથિયારો કે મતદારોને પ્રલોભન આપનારી વસ્તુ ઓ જમા કરવામાં આવશે એમ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી સુધીર પટેલે જણાવ્યુંય છે. ખેડા જિલ્લામમાં ચૂંટણી આચાર સંહિતાનો ચૂંટણી જાહેર થતાંની સાથે ચુસ્તા અમલ શરૂ કરવામાં આવ્યો છે. આ માટે જિલ્લા માં ૧૮ ફલાઈંગ સ્કાવોડ ટીમો તથા ૧૯ સ્ટેનટીક સર્વેલન્સમ ટીમ જિલ્લાછના નિયત કરેલા પોઈન્ટ્ પર ચેકીંગ શરૂ કરી દીધુ હોવાનું શ્રી પટેલે જણાવ્યું હતું.

## ખેડા જિલ્લામાં ચૂંટણી દરમિયાન હથિયારબંધી

માહિતી બ્યુરો, નડિયાદ : લોકસભાની સામાન્યા ચૂંટણી માહે એપ્રિલ-૨૦૧૯માં યોજાનાર છે, તે દરમિયાન સમગ્ર ખેડા જિલ્લામાં શાંતિ જળવાઈ રહે, કાયદો અને વ્યમવસ્થાધની પરિસ્થિ તિ જળવાઈ રહે, કોઈ અનિચ્છ૭રનીય બનાવ ન બને તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેમટ-ખેડા શ્રી રમેશ મેરજાએ સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭-(૧) હેઠળ સમગ્ર ખેડા જિલ્લામાં તા.૨૭/૦૫/૨૦૧૯ સુધી હથિયારબંધી ફરમાવી છે. તદ્નુસાર, આ સમયગાળા દરમ્યા-ન હથિયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવા, કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોચટક પદાર્થ સાથે રાખી ફરવા, મનુષ્યો અથવા શબ તેમજ પૂતળા દેખાડવા, અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બીભત્સી સૂત્રો પોકારવા અથવા અશ્લી લ ગીતો ગાવા, જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવા ઉપર તથા તેવા ચિત્રો, પત્રિકાઓ કે પ્લેસકાર્ડ અથવા બીજા કોઈપણ ક્ષયકારી પદાર્થ કે વસ્તુ તૈયાર કરવા, બતાવવા કે તેનો ફેલાવો કરવા ઉપર સંપૂર્ણ પ્રક્કતિબંધ ફરમાવવામાં આવ્યોા છે.

## વોલીબોલ એકેડમી અને ડી.એલ.એસ.એસમાં હાઈટ-હન્ટમાં પ્રવેશ માટે અરજી કરો

માહિતી બ્યુરો, મહેસાણા, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા સંચાલીત વોલીબોલ એકડેમી અને D.L.S.S માં ભાઈઓ-બહેનોના પ્રવેશ માટે હાઈટ-હન્ટનું આયોજન કરેલ છે.જેમાં ૧૨ થી ૧૯ વર્ષના વય અને ઉંચાઈની મર્યાદમાં રસ ધરાવનાર ભાઈઓ-બહેનોએ તારીખ ૧૮-૦૩-૨૦૧૯ના રોજ સવારે ૦૯-૩૦ કલાકે રમત સંકુલ પાંચોટ ખાતે પુરાવા સાથે હાજર રહેવાનું રહેશે. ભાઈઓ અને બહેનોએ ઉંમર અને ઉંચાઈની લાયકાત માટે સિનીયર કોચ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર મહેસાણાનો સંપર્ક સાધવાનો રહેશે તેમ સિનીયર કોચ મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

## તંત્રી લેખ......

### ભાજપનું ગુજરાતમાં કોંગ્રેસીકરણ અને કોંગ્રેસની બેઠક

છેલ્લા દસ દિવસમાં ગુજરાત ભાજપનું કોંગ્રેસીકરણ કરવામા આવ્યું એને લઈને કોંગ્રેસ તો ઠીક પરંતુ ભાજપના જે પાયાના કાર્યકરો છે એમની અંદર એક પ્રકારની નિરાશા અને હતાશા જોવા મળે છે.પાયાના કાર્યકરો પુછી રહ્યા છે,તેમણે તેમના જીવનના ૨૫ વર્ષ પક્ષને ઉભો કરવાથી લઈને છેક દિલ્હી સુધીની સત્તા અપાવવા સુધી ખર્ચ કરી નાંખ્યા છતાં પક્ષ પાસેથી કંઈ મળે એવી આશા કે અપેક્ષા રાખી ન હતી.તો વર્ષ-૨૦૧૯ની શરૂઆતથી જ પક્ષને એવી તો શું જરૂર પડી કે,રાતોરાત કોંગ્રેસના ધારાસભ્યોને તોડી લાવીને ન કેવળ ભાજપમાં પ્રવેશ આપવામાં આવ્યો પરંતુ તેમને મંત્રી પણ બનાવવામાં આવ્યા.ભાજપનું કોંગ્રેસીકરણ કરવાની જરૂર પડી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વતન અમદાવાદમાં ૧૨ માર્ચને ઐતિહાસિક દાંડી યાત્રાના દિવસે કોંગ્રેસની વર્કીંગ કમિટીની બેઠક યોજવામાં આવી.ગુજરાત કોંગ્રેસ માટે પુરા થયેલા દસ દિવસ ખુબ પીડાદાયક બની રહ્યા.જ્યાં તેના પાંચ ધારાસભ્યોએ પક્ષ સાથે છેડો ફાડીને ભાજપમાં પ્રવેશ કર્યો.આ પરિસ્થિતિમાં ગુજરાત પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને વિધાનસભાના વિપક્ષનેતા પરેશ ધાનાણી વચ્ચે ચાલતા આંતરકલહને કારણે ગુજરાતમા કોંગ્રેસનું સંખ્યાબળ ઘટવા પામ્યુ છે.જેનો જવાબ પણ ચોકસથી કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી દ્વારા માંગવામાં આવશે તે નક્કી બાબત છે.સાથે સાથે એ પણ નિર્ણય લેવામાં આવશે કે,લોકસભાની ચુંટણી અગાઉ ગુજરાત કોંગ્રેસમાં ફેરફાર પણ સંભવ બને તો નવાઈ નહીં. કોંગ્રેસ દ્વારા અડાલજના ત્રિમંદિર ખાતે એક વિશાળ જનસભાનું આયોજન કરવામાં આવ્યું.આ જનસભામાં અંદાજે બે લાખથી પણ વધુ લોકો ઉપસ્થિત રહ્યા કે રાખવામાં આવ્યા.જે પણ હોય.છતાં એક વાત સાફ બની ગઈ કે ભાજપે ગુજરાતમાંથી ભલે કોંગ્રેસને સાફ કરવા પ્રયાસ કર્યા હોય પણ એની કોઈ અસર ન તો રાહુલ પર પડી છે ન તો પ્રિયંકા ઉપર બંનેની જે લેંગ્વેજ જોવા મળી એના ઉપરથી એક જ વાત સાફ થતી જોવા મળે અને તે કોંગ્રેસ સારામા સારો દેખાવ કરીને જ રહેશે. ગુજરાત ભાજપમાં જે પ્રમાણે મુળ ભાજપના નેતાઓને એક બાજુ પર મુકી દઈને કોંગ્રેસના આયાતી નેતાઓને રાતોરાત મંત્રી બનાવી દેવાયા તેને લઈને પણ ભાજપના નેતાઓમાં ભારેભાર રોષ જોવા મળી રહ્યો છે. ગાંધી અને સરદારની ભુમિ એ અમદાવાદ શહેર રહેલુ છે તેવા સમયે આ ધરતી ઉપર કોંગ્રેસ વર્કીંગ કમિટીની મળેલી બેઠકમાં અનેક મહત્વપુર્ણ નિર્ણયો લેવામાં આવ્યા. આ લોકસભાની ચુંટણીમાં નરેન્દ્ર મોદી,ભાજપ કે તેના સાથી પક્ષોને સત્તાથી દુર કેમ રાખવા. દેશમાં સૌથી મોટા રાજ્ય એવા ઉત્તરપ્રદેશ કે જ્યાં લોકસભાની કુલ ૮૦ બેઠકો છે એવા ઉત્તરપ્રદેશમાં બસપા અને સપા દ્વારા ગઠબંધન કરી લેવામા આવ્યું છે ત્યાંથી લઈને છેક ગુજરાત સુધીના રાજ્યોમાં કેમ બને એટલી વધુમા વધુ બેઠકો મેળવવી અને લોકસભાની ચુંટણીમાં ફરી જીત મેળવીને કેન્દ્રમાં સત્તા મેળવવી.કોંગ્રેસની આ બેઠક ઉપર માત્ર કોંગ્રેસની જ નજર છે એમ માની લેવાની જરૂર નથી પરંતુ ભાજપ અને ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પણ નજર રહેલી છે.કેમકે અંતે તો અમદાવાદની બેઠક અને ધરતી ઉપરથી લેવામા આવેલા નિર્ણયની ૨૩ મે સુધી અસર જોવા મળવાની છે.

## આદર્શ આચાર સંહિતાનો અમલ : ૧૦૯૯ રાજકીય પ્રકૃતિના પોસ્ટર્સ બેનર્સ લખાણો હટાવાયા

માહિતી બ્યુરો, વડોદરા, આદર્શ આચાર સંહિતા અમલીકરણના ભાગરૂપે શહેર-જિલ્લામાં જાહેર-ખાનગી મિલકતોની દિવાલો પરથી રાજકીય પ્રકૃતિના લખાણો અને પોસ્ટર-બેનર્સ જેવી સામગ્રી હટાવવાની કામગીરી છેલ્લા ત્રણ દિવસથી ચાલી રહી છે. તેના ભાગરૂપે આજે માર્ગ અને મકાન વિભાગ ધ્વારા કુબેર ભવન અને નર્મદા ભવનની ઈમારતોમાં આજે નિરીક્ષણ અને પ્રચાર-પ્રચાલક્ષી સાહિત્યની સાફસફાઈની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જિલ્લા ચૂંટણી અધિકારી શ્રીમતી શાલિની અગ્રવાલે આ કાર્યવાહી યુધ્ધના ધોરણે પૂરી કરવા સૂચના આપી છે. આદર્શ આચાર સંહિતા અમલીકરણના નોડેલ અધિકારીશ્રી બી.બી.ચૌધરીએ વિગતવાર જાણકારી આપતાં જણાવ્યુ હતું કે વડોદરા શહેર-જિલ્લામાંથી અત્યાસ સુધીમાં જાહેર મિલકતો પરથી ૧૦૩૭ અને ખાનગી મિલકતો પરથી ૬૨ મળીને કુલ ૧૦૯૯ જેટલાં લખાણો ભૂંસવા અને પોસ્ટર, બેનર્સ, સ્ટીકર્સ ઈત્યાદિ હટાવવાની કામગીરી કરવામાં આવી છે. જાહેર મિલકતો પરથી ૨૩૯ અને ખાનગી મિલકતો પરથી ૨૧ ભીંત લખાણો ભૂંસવામાં આવ્યા છે. જ્યારે જાહેર મિલકતોની દિવાલો પરથી રાજકીય સંદેશ આવતા ૩૬૪ પોસ્ટર્સ, ૨૨૨ બેનર્સ અને ૧૮૨ જેટલાં ફ્લેગ/સ્ટીકર્સ દૂર કરવામાં આવ્યા છે. જ્યારે ખાનગી મિલકતોની દિવાલો પરથી ૨૧ પોસ્ટર્સ, ૦૩ બેનર્સ અને ૧૭ ફ્લેગ/સ્ટીકર્સ હટાવવામાં આવ્યા છે. જિલ્લા ચૂંટણી અધિકારીએ તમામ સરકાર ખાતાઓ/વિભાગો/નિયમો અને સંસ્થાઓને કોઈપણ પ્રકારના રાજકીય લખાણો, પોસ્ટર્સ, બેનર્સ, કેલેન્ડર્સ તેમની કચેરીમાં પ્રદર્શિત ના થાય તેની તમામ તકેદારીઓ લેવા તાકીદની સૂચના આપી છે.

## ચૂંટણી ફરજો બજાવવાની છે તેવા અધિકારીઓ અને કર્મચારીઓને તબક્કાવાર તાલીમ આપવામાં આવશે

માહિતી બ્યુરો, વડોદરા, સન ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીઓ પંચના નિયમો અને જોગવાઈઓ અનુસરીને ક્ષતિમુક્ત રીતે થાય એ હેતુસર વિવિધ પ્રકારની ચૂંટણીલક્ષી કામગીરીઓ જેમણે કરવાની છે તેવા અધિકારીઓ-કર્મચારીઓને તબક્કાવાર તેમની ફરજોની તાલીમ આપવાનું આયોજન જિલ્લા ચૂંટણી તંત્ર ધ્વારા, જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રીમતી શાલિની અગ્રવાલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે. તાલીમ પ્રબંધનની સમગ્ર જવાબદારી નોડેલ અધિકારી તરીકે નાયબ મ્યુનીસીપલ કમિશ્નરશ્રી પંકજ ઔંધિયા સંભાળી રહ્યા છે. હકિકતમાં, ટ્રેઈનીંગ મેનેજમેંટ હેઠળ જેમણે ચાવીરૂપ ફરજો અદા કરવાની છે તેવા ઘણાં અધિકાર્મિકોને પ્રાથમિક તાલીમ આપવાની કામગીરી ચૂંટણી પંચ ધ્વારા ચુનાવી કાર્યક્રમની જાહેરાત પૂર્વે જ પૂરી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે લોકસભાના ચુનાવો માટે જિલ્લા ચૂંટણી તંત્ર ધ્વારા અંદાજે ૧૩ હજાર જેટલા અધિકાર્મિકોની સેવાઓ લેવાનુ આયોજન કરવામાં આવ્યું છે. શ્રી પંકજ ઔંધીયાના જણાવ્યા પ્રમાણે ચૂંટણીમાં કામગીરી કરવાના છે તેવા ૪૫૦ જેટલાં સેકટર ઓફિસર્સ અને ૧૭૪ જેટલાં માઈક્રો ઓબ્ઝવર્સને તાજેતરમાં પ્રાથમિક તાલીમ આપવામાં આવી હતી. આ ઉપરાંત ફલાઈંગ સ્કવોર્ડસ, સ્ટેટીક સર્વેલન્સ ટીમ્સ, વિડીયો સર્વેલન્સ ટીમ્સ, વિડીયો વ્યુઈંગ ટીમ્સના સદસ્યોને તેમજ નાયબ મામલતદારોને ખર્ચ નિયંત્રણ અને આદર્શ આચાર સંહિતાના પાલનના સંદર્ભમાં તેમની ફરજોની રૂપરેખા આપતી પ્રાથમિક તાલીમ આપવામાં આવી રહી છે. સેકટર ઓફિસર્સને પ્રથમવાર EVM/VVPATના સંદર્ભમાં હેન્ડઝ ઓન તાલીમ આપવામાં આવી છે. શ્રી પંકજ ઔંધીયાના વિશેષ માર્ગદર્શન સાથે માસ્ટર ટ્રેનર્સ અને એઆરઓઝ ધ્વારા વિધાનસભા વિસ્તારવાર તાલીમ આપવામાં આવી રહી છે.

## નિવાસી અધિક કલેકટરશ્રીએ માહિતી ભવનમાં શરૂ કરવામાં આવેલા એમસીએમસી સેલની મુલાકાત લીધી

માહિતી બ્યુરો, વડોદરા, જિલ્લા ચૂંટણી અધિકારી શ્રીમતી શાલિની અગ્રવાલની સૂચનાના અનુસંધાને નિવાસી અધિક કલેકટરશ્રી ડી.આર.પટેલ તથા અધિક કલેકટર પ્રોટોકોલ શ્રી નારાયણ માધુએ સોમવારની સાંજે મિડીયા સર્ટીફિકેશન એન્ડ મિડીયા મોનીટરીંગ સેલની મુલાકાત લીધી હતી તથા સમાચારો/જાહેરાતોના મોનીટરીંગની વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યુ હતું. ઉલ્લેખનીય છે કે ભારતના ચૂંટણી પંચની સૂચનાઓ અનુસાર ચૂંટણી સમયે વિજાણુ માધ્યમો તેમજ મુદ્રિત માધ્યમોમાં પેઈડ ન્યુઝના નિરીક્ષણ અને ઓળખ માટે પ્રાદેશિક માહિતી કચેરીમાં MCMC સેલ કાર્યરત કરી દેવામાં આવ્યો છે. આઈટીઆઈના ઈન્સ્ટ્રકટર્સ તેમજ માહિતી કચેરીના અધિકાર્મિકો ધ્વારા આ સેલની કામગીરી કરવામાં આવી રહી છે.

## લોકસભા સામાન્યચૂંટણી-૨૦૧૯ વડોદરા જિલ્લા ચૂંટણી અધિકારી શ્રીમતી શાલિની અગ્રવાલના અધ્યક્ષસ્થાને નોડેલ અધિકારીઓ સાથે ચૂંટણીલક્ષી કામગીરી સમીક્ષા બેઠક યોજાઈ

માહિતી બ્યુરો, વડોદરા, જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રીમતી શાલિની અગ્રવાલે સંબંધિત નોડેલ અધિકારીઓ સાથે ચૂંટણીલક્ષી કામગીરીની સમીક્ષા બેઠક યોજી હતી. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ વાહન મેનેજમેન્ટ, તાલીમ, મટિરિયલ, આચાર સંહિતા અમલીકરણ, ભીંતચિત્રો અને પોસ્ટર્સ દૂર કરવા અંગે, ખર્ચ નિરિક્ષણ, બેલેટ પેપર સંબંધિત કામગીરી, મીડિયા કમિટી, હેલ્પલાઈન સંબંધિત તાલીમ સહિતની કામગીરીની વિગતો મેળવી તે કામગીરીની સમીક્ષા કરી હતી. જિલ્લા ચૂંટણી અધિકારી શ્રીમતી શાલિની અગ્રવાલે ચૂંટણી સંબંધિત જાહેરનામા પ્રસિધ્ધ કરવા અને ફરિયાદ નિવારણની કામગીરીને વધુ સારી રીતે કાર્યરત કરી ફરિયાદો મળવા અને તેના નિરાકરણના ત્વરિત પગલાં લેવાની સૂચના આપી હતી. ચૂંટણી સંબંધિત પૂછપરછ અને ફરિયાદ માટે મતદાતાઓ હેલ્પલાઈન નં.૧૯૫૦નો ઉપયોગ કરી શકે છે ત્યારે તા.૧૧ માર્ચ સુધીમાં વડોદરા જિલ્લામાં ૫૦ પૂછપરછ મુખ્યત્વે મતદાર યાદીમાં નામના સમાવેશ, જે-તે વિસ્તારના બીએલઓઝની વિગતો મેળવવા માટે મળી હતી, ફરિયાદોનુ નિવારણ ફરજ પરના કર્મચારીઓએ કર્યુ હતું. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ ચૂંટણીલક્ષી કામગીરી માટે મટીરીયલ્સ મેનેજમેન્ટ અંગે થયેલ પ્રગતિનો અહેવાલ મેળવી તેને સાચવવા ઘટતું કરવા સૂચના આપી હતી. તેમણે વડોદરા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા પરિસ્થિતિ જાણી હતી. ચૂંટણી ફરજના અધિકારી-કર્મચારીઓ બેલેટથી મતદાન કરી શકે તે માટે પોસ્ટલ બેલેટની યોગ્ય વ્યવસ્થા કરવા તાકીદ કરી હતી. મતદાતાઓને મતદાન માટે જાગૃતિ કરવા જીફઈઈં તળેથી પ્રગતિ મેળવી યુવા, મહિલા, દિવ્યાંગ મતદારોને મતદાન જાગૃતિ પ્રવૃતિ હેઠળ આવરી લેવા સૂચના આપી હતી. જીફઈઈં તળે વડોદરા જિલ્લામાં 'મતોત્સવ' કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવશે. કોલેજ-યુનિ.ના યુવા મતદારોમાં મતદાનનો મહિમા સમજાવવામાં આવશે. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી કિરણ ઝવેરી, નિવાસી અધિક કલેકટરશ્રી ડી.આર.પટેલ, અધિક કલેકટરશ્રી નારાયણ માધુ, અધિક કલેકટરશ્રી ધીરેન પંડ્યા, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નરશ્રી પંકજ ઔંધિયા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી ચૌધરી સહિત ચૂંટણી કામગીરીમાં ફરજરત નોડલ અધિકારીશ્રી અને કર્મચારી શ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## લોકસભા ચૂંટણી-૨૦૧૯ વડોદરા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાનું અસરકારક અમલીકરણ : જિલ્લા ચૂંટણી તંત્રની કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ પર ચાંપતી નજર

માહિતી બ્યુરો, વડોદરા, વડોદરા જિલ્લા ચૂંટણી તંત્ર ધ્વારા લોકસભા ચૂંટણીઓ ૨૦૧૯ શાંતિમય વાતાવરણમાં યોજાય અને મતદારો નિર્ભયપણે સુરક્ષિત વાતાવરણ માં મતદાન કરે તે હેતુસર પોલીસ તંત્રના સહયોગથી કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. જિલ્લા ચૂંટણી અધિકારી જિલ્લા પોલીસ વડા અને શહેર પોલીસ કમિશનર કચેરી પાસેથી કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિનો અહેવાલ મેળવીને સમીક્ષા કરવામાં આવી રહી છે. લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯ને પગલે આદર્શ આચાર સંહિતા અમલી છે. વડોદરા શહેરમાં પાંચ અને ગ્રામ્ય વિસ્તારમાં ૧૫ એમ કુલ ૨૦ ફ્લાઈંગ સ્કોવોડસ કાર્યરત છે. કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જિલ્લામાં રૂ.૧,૪૫,૮૭૫ની કિંમત દારૂનો જથ્થો સીઝ કરવામાં આવ્યો છે, તેની સાથે રૂ.૨૪૦૦ની રોકડપણ સીઝ કરવામાં આવી છે. વડોદરા શહેરમાં ૨,૧૯૯ હથિયાર લાયસન્સ ધારકો છે જેમાંથી ૫૭ હથિયારો જમા થયા છે. વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં ૬૯૬ હથિયાર લાયસન્સ ધારકો છે જેમાંથી ૧૪૮ જમા થયા છે. આમ, વડોદરા જિલ્લામાં ૨,૮૯૫ હથિયાર – ધારકોમાંથી ૨૦૫ હથિયાર તા.૧૨ માર્ચ સુધીમાં જમા થયા છે. પરવાનેદાર શસ્ત્રો ચૂંટણીના નિયમો પ્રમાણે જમા લેવાની પ્રક્રિયા વેગવાન બનાવવા જિલ્લા ચૂંટણી અધિકારીએ આજે મળેલી સમીક્ષા બેઠકમાં સૂચના આપી હતી. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રીમતી શાલિની અગ્રવાલ ચૂંટણીલક્ષી કામગીરીની રોજ-રોજ સમીક્ષા કરતા હોય વડોદરા શહેર-ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૧૮૬ કેસમાં અટકાયતના પગલાઓ લેવામાં આવ્યા છે. તા.૧૦ માર્ચ સુધીમાં શહેર વિસ્તારમાં ૧,૯૬૯ અને ગ્રામ્ય વિસ્તારમાં ૨૨૮ એમ કુલ ૨,૧૯૭ આરોપીઓ સામે બિનજામીનપાત્ર વોરંટ કાઢવામાં આવ્યા છે.

## બાર જેટલી સંસ્થાઓને પદાધિકારીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા વાહનો તાત્કાલિક જમા કરાવી દેવા જિલ્લા ચૂંટણી તંત્રની સૂચના : વડોદરા મહાનગરપાલિકા અને બરોડા સેન્ટ્રલ બેંકે વાહનો જમા કરાવ્યા

માહિતી બ્યુરો, વડોદરા, આદર્શ આચાર સંહિતાના ચુસ્ત અમલ માટે કટિબધ્ધ જિલ્લા ચૂંટણી તંત્રે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રીમતી શાલિની અગ્રવાલના માર્ગદર્શન હેઠળ સ્થાનિક શાસન સંસ્થાઓ, સહકારી સંસ્થાઓ, તથા બોર્ડ-નિગમો સહિત શહેર-જિલ્લાની બાર જેટલી સંસ્થાઓને, તેમની માલિકીના અને પદાધિકારીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા વાહનો સંબંધિત વાહનોની લોગબુક્સ અને વાહન ચાલકો સહિત તાત્કાલિક જિલ્લા ચૂંટણી તંત્રના હવાલે જમા કરાવવા સૂચના આપી છે. આવું કરવામાં ચૂક થશે તો સંબંધિત સંસ્થાઓના જવાબદાર અધિકારીઓ સામે ચૂંટણી કાયદાની જોગવાઈઓ અનુસાર પગલાં લેવાની ચેતવણી આપવામાં આવી છે. આજે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સંબંધિત સંસ્થાઓને નોટીસ બનાવવાની કાર્યવાહી હાથ ધરી હતી. જિલ્લા ચૂંટણી તંત્રને અત્યાર સુધીમાં વડોદરામાં મહાનગર પાલિકાએ પદાધિકારીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા ૦૪ વાહનો અને બરોડા સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક ધ્વારા ૦૨ વાહનો જમા કરાવવામાં આવ્યા છે. આ ઉપરાંત વડોદરા જિલ્લા પંચાયત, ગંધારા સુગર, બરોડા ડેરી, એસ.ટી. નિગમની વિભાગીત કચેરી, વન વિકાસ નિગમ જેવી સંસ્થાઓને વાહનો જમા કરાવવા આદેશો આપવામાં આવ્યા છે અને શીઘ્રતાપૂર્વક વાહનો જમા લેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## સ્વીપ અન્વયે મ.સ.વિશ્વ વિદ્યાલય તથા મોટી શિક્ષણ સંસ્થાઓના કેમ્પસમાં વિશેષ મતદાર જાગૃતિ કાર્યક્રમો યોજાશે

માહિતી બ્યુરો, વડોદરા, જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રીમતી શાલિની અગ્રવાલના માર્ગદર્શન હેઠળ લોકસભા ચૂંટણીઓમાં શહેર-જિલ્લામાં મતદાનની જાગૃત્તિ અને ટકાવારી વધે તે માટે "મતોત્સવ : ૨૦૧૯" સહિત વિવિધ કાર્યક્રમોનું મતદાર શિક્ષણ અને જાગૃતિ કાર્યક્રમ(સ્વીપ) હેઠળ વ્યાપક સ્તરે આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જિલ્લા ચૂંટણી અધિકારીએ સાર્વત્રિક મતદાન જાગૃત્તિ ઉપરાંત ખાસ કરીને જેમને પ્રથમવાર મતદાન કરવાની તક મળવાની છે તેવો યુવા સમુદાય, મહિલાઓ અને દિવ્યાંગોને સરળ મતદાન માટે મળનારી સુવિધાઓનો ઝુંબેશના રૂપમાં વિસ્તૃત પ્રચાર કરવા જણાવ્યું હતુ. ઉલ્લેખનીય છે કે, વિધાનસભા-૨૦૧૭ વખતે એક નવા પ્રયોગના રૂપમાં સ્વીપ હેઠળ વડોદરામાં વોટેથોનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું જેની વિધેયાત્મક નોંધ ભારતના ચૂંટણી પંચે પણ લીધી હતી. જિલ્લા ચૂંટણી અધિકારીએ ખાસ કરીને મ.સ.વિશ્વ વિદ્યાલયના તથા પારુલ, બાબરીયા, સિગ્મા, કેજેઆઈટી જેવી મોટી શિક્ષણ સંસ્થાઓના કેમ્પસમાં ફર્સ્ટ ટાઈમ વોટર મીટીગ-પ્રથમવારના મતદાતાઓની સભા યોજવા સૂચના આપી છે. આ પૈકીની પસંદગીની સભાઓમાં શ્રીમતી શાલિની અગ્રવાલ જાતે યુવા મતદારો સાથે મતદાન અને મતાધિકારની અગત્યતાનો સંવાદ કરશે અને પ્રથમવારના મતદાતાઓને અમૂક મતદાન કરવા પ્રોત્સાહિત કરશે.

# હાર્દિક પટેલ : ઈનિંગનો આરંભ કે એન્ડ

(જી.એન.એસ,તખુભાઈ સાંડસુર) હાર્દિક પટેલ એટલે ગુજરાતનો પાટીદાર અનામતનો પાણીદાર ચહેરો .સને ૨૦૧૫માં આનંદીબેન પટેલની સરકાર ને પ્લાનિંગથી ડિસ્ટર્બ કરવા માટે અનામતનો પુનઃ એકવાર ગુજરાતમાં પલીતો ચાંપવાનું આવ્યો .અગાઉ આવા બે-ત્રણ આંદોલનો શરૂ થયેલા પરંતુ તે સફળ થઈ શક્યા ન હતા તો પણ એક વધુ આંદોલન નો પ્રારંભ સતાધારી પક્ષના લોકોએ (જોકે તે બાબત સિદ્ધ થઇ શકી નથી કે તે આંદોલન શા માટે કરવામાં આવ્યું હતું) શરૂ કરાયું. આંદોલનનો એજન્ડા કે ધ્યેય સ્પષ્ટ નહોતો તો પણ પાટીદાર સમાજના લોકોને ઉશ્કેરીને, કેટલાક માલેતુજાર લોકોને જોડીને ગતિ આપવામાં આવી. તેમાં કોઈને ફાયદો થાય ન થાય પરંતુ હાર્દિક પટેલ લાઈમલાઈટમાં આવી ગયા .આજે તે રાષ્ટ્રીય રાજકારણના હીસ્સા તરીકે જોવામાં આવે છે. તે કલકત્તાની વિપક્ષી રેલીમાં મમતા બેનર્જી સાથે દેખાય છે. દિલ્હીમાં રાહુલ ગાંધી સાથે ચર્ચા કરતા સંભળાય છે .આમ તો સને ૨૦૦૨ થી કેશુભાઈને ભાજપમાંથી હટાવવામાં આવ્યા ત્યારથી લગભગ પાટીદારના સમાજને આઘાત લાગ્યો.તેમની લાગણી જ્ઞાતિ માટે આત્યંતિક હંમેશા રહી છે તે ભાજપથી ખૂબ વિમુખ થઈ ગયા હતા . તેમની માન્યતા એવી હતી કે અમારી જ્ઞાતિના કેશુભાઈને ક્યા કારણથી હટાવવામાં આવ્યા ? અમને અન્યાય થયો.તેના કારણે નરેન્દ્ર મોદી માટે હંમેશા દ્વેષ ની લાગણી બનતી રહી. ૨૦૦૭ અને ૨૦૧૨ની ચૂંટણીઓમાં પણ હિતરક્ષક સમિતિ અને કોંગ્રેસની સાથે મળીને તેમને સીધો પડકાર આપવા , પરાસ્ત કરવા માટે જબરદસ્ત પ્રયત્ન થયો પરંતુ તેઓ ક્યાંક ને ક્યાંક ઉણા ઉતર્યા. તેથી માલેતુજાર લોકોએ પોતાના ધન કોથળા ખોલીને ભાજપને વધુ કેવી રીતે ડિસ્ટર્બ કરી શકાય તેઓ ગેમ પ્લાન બનાવ્યો ?તેમાં હાર્દિક મોહરા તરીકે ઉપસી આવ્યો. ૨૫ ઓગસ્ટ નો જીએમડીસી ગ્રાઉન્ડ નો એપિસોડ બળતામાં ઘી હોમવા જેવો બન્યો. આખરે આનંદીબેન પટેલને ક-મને રડતા ચહેરે ગુજરાતની ખુરશી છોડવી પડી. અથવા એમ કહો કે ભાજપની રાષ્ટ્રીય નેતાગીરીએ તેમને ખુરશી છોડવા મજબૂર કર્યા. પરંતુ હાર્દિક પટેલ હવે સત્તાધારી પક્ષના વિરોધમાં ઘણા આગળ નીકળી ગયા હતા જ્યાં થી પાછા ફરવું મુશ્કેલ હતું. તેથી સ્વભાવિક છે કે રાજનીતિમાં પોતાની ટાંગ અડા ડે. ગુજરાતના રાજકારણમાં માત્ર જ્ઞાતિ નો સિક્કો ચાલતો નથી જોકે ભાજપ કે કોંગ્રેસ હમેશા જ્ઞાતિના ખોટા સિક્કાઓને પણ બજારમાં મૂકવાની ગુસ્તાખી કરતા રહે છે. પરંતુ જ્યારે કોઈ જ્ઞાતિ ગત વાત વધારે પ્રમાણમાં ચર્ચાય છે ,ફેલાય છે ત્યારે તેની પ્રતિસ્પર્ધી જ્ઞાતિઓ એક થઈને મતદાન કરતી હોય છે .ભૂતકાળમાં ગુજરાતમાં આ જ રીતે મતદાન થયા ના પરિણામો પરથી સાબિત થયું છે. ૨૦૦૨ ,૨૦૦૭, ૨૦૧૨ ,૨૦૧૭ ભાજપને મહાત કરી શકાયું નથી તેના માસ્ટર મેનેજરો જ્યારે ચૂંટણી આવે છે ત્યારે કોઈને કોઈ પ્રકારના વ્યુહ ગોઠવીને સફળ થઈ જતા હોય છે. હાર્દિક માત્ર એક જ્ઞાતિના ચહેરા તરીકે ગુજરાત ઓળખે છે તે વાત સુવિદિત છે તેમના એ નિવેદનોને આજે પણ સોશ્યલ મીડિયામાં કવોટ કરવામાં આવી રહ્યા છે કે તેમણે પોતાની જ્ઞાતિ માટે વધુ પડતો સદભાવ અત્યંત કટ્ટરતા બતાવી હોય જેથી અન્ય જ્ઞાતિઓ ઓબીસી એસસી-એસટી તેમને કેટલા પ્રમાણમાં સ્વીકારે છે તે વાત ખૂબ મહત્વની છે. ગુજરાતમાં પાટીદાર સમાજનું પ્રભુત્વ માત્ર ૧૮ ટકા થી વધુ નથી. તેથી બાકી રહેલાં સમાજો નો ટેકો મળવાનું સંભાવના કેટલી? હાર્દિક એ અગાઉ ઓબીસીમાંથી અનામત મેળવવા માટે નિવેદનો કરેલા છે એટલું જ નહીં એસસી-એસટીની સંપૂર્ણ અનામત નાબુદી માટે પણ તેના કેટલાંક નિવેદનો અગાઉ આવી ચૂક્યા છે. તેથી આ સમાજનો તેમને કેટલો ટેકો મળે છે તે પ્રશ્ન છે? વળી સૌરાષ્ટ્રમાં, ગુજરાતમાં જ્ઞાતિ ફેક્ટર ખૂબ મજબૂતીથી હંમેશા દેખાયું છે , જ્યારે જ્યારે પાટીદાર સમાજે જાહેર અપીલ કરેલી છે ત્યારે અન્ય સમાજો તેમની તરફેણમાં ક્યારે દેખાયા નથી તેવા ભૂતકાળમાં ૨૦૧૭ની ચૂંટણીમાં તારણો હંમેશા જોવા મળ્યા છે. હાર્દિક પટેલ નું કોંગ્રેસમાં આગમન ફાયદો કરાવશે કે નુકસાન તે કહેવું મુશ્કેલ છે પરંતુ એટલું જરૂર કહી શકાય કે કોંગ્રેસ ના હાથમાંથી તેની પોતાની વોટ બેંક ઓબીસી ,પછાત સરકી રહી છે. ઘણાં બધા કોંગ્રેસી આગેવાનોએ એવો સંદેહ વ્યક્ત કર્યો છે કે હાર્દિક નું આગમન તેની પોતાની આંતરિક વોટબેંકને ગુમાવનાર સાબિત થશે તેથી તે હાર્દિકના પ્રવેશને રોકવા મથામણ કરતા હતા પરંતુ તેમાં તેને સફળતા મળી નથી. જામનગર લોકસભાની ચૂંટણી લડવાની વાત હાર્દિક અગાઉથી કરી ચૂક્યો છે એટલે કે પ્રદેશ કોંગ્રેસ ત્યાં સાઈડલાઈન થઈ ગઈ છે .પોતે જાણે હાઈકમાન્ડ હોય તે રીતે તેમને નિવેદન ઘણા બધા કોંગ્રેસીઓના ભવા ખેંચાયા હતાં. તેથી જામનગર સહિતના કોંગ્રેસી આગેવાનો તેને કેટલો સહયોગ મળે છે તે વાત પણ એટલી જ મહત્વની છે .જામનગર લોકસભા ઉપરાંત સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાક પોકેટમા હાર્દીક નો પાટીદાર સમાજમા પ્રભાવ ઓસરી ગયો છે. તેથી તેના પોતાના સમાજના મત મેળવવા તે સફળ થાય તેવા અણસાર ઓછા છે. તેનું આગમન પાટીદાર સિવાયના મત મેળવવામાં નાકે દમ મેળો આવી જશે .!તેથી તેને નુકસાનકારક સાબિત કરવામાં તેના વિરોધીઓ વધુ સફળ થશે જામનગર લોકસભામાં ખંભાળિયા ,દ્વારકા ,જામનગર આ બધા મત ક્ષેત્રોમાં આહીર ,વાઘેર, ક્ષત્રિય વગેરે મતદારોનો પ્રભાવ વધુ છે છેલ્લે છેલ્લા ઘણા સમયથી, ત્રણ ટર્મથી ભાજપના ઉમેદવારો વિજયી રહ્યા છે. તેથી કાલાવડ ને બાદ કરતા પાટીદાર પ્રભુત્વવાળી કોઈ સીટ ધ્યાન નથી. તેથી હાર્દિકનો વિજય ખૂબ કઠિન છે ભાજપ, કોંગ્રેસી બંને નેતાઓ તેને પછાડવાની હંમેશા કોશિશ કરશે જેથી હાર્દિકે એકલા હાથે લડવાનો વારો આવશે. ઉપરાંત તેનાથી અન્ય સમાજના લોકો પણ નારાજગી પેટી સુધી આવે . હાર્દિકની ઈનિંગ્સ આરંભ થાય એ પહેલા અંત તરફ ધકેલાઈ જાય તો તેમાં નવાઈ પામવા જેવું નહીં હોય!!!!?????

## ખેડા જિલ્લામાં ૨૧ નોડલ અધિકારીઓની નિમણૂંક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી સુધીર પટેલે નોડલ અધિકારીઓની કામગીરીની કરી સમીક્ષા

માહિતી બ્યુરો, નડિયાદ : લોકસભા ચૂંટણી અન્વીયે જિલ્લાશ ચૂંટણી અધિકારીશ્રી સુધીર પટેલે ચૂંટણીના સરળ સંચાલન માટે નિયુકત થયેલ ૨૧ જેટલા નોડલ અધિકારીઓની ચૂંટણી સંદર્ભે કામગીરીની સમીક્ષા કરી હતી. જિલ્લાન ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી સુધીર પટેલે ચૂંટણી પંચની સુચના મુજબ આઈસીટી એપ્લિ કેશન, મતદાતા હેલ્પં લાઈન ૧૯૫૦ માટે તથા સાયબર સુરક્ષા માટે પણ નોડલ અધિકારીઓની નિમણૂંક કરી છે. શ્રી સુધીર પટેલે નોડલ અધિકારીઓએ તેમને સોંપાયેલ કામગીરી પરત્વેક સમયબધ્ધ રીતે કાર્યવાહી કરવા સુચનાઓ આપી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી કે.ડી.લાખાણી, નિવાસી અધિક કલેકટરશ્રી રમેશ મેરજા, નાયબ જિલ્લાા ચૂંટણી અધિકારીશ્રી વી.એમ.રાજપૂત સહિત નોડલ અધિકારીઓ હાજર રહયા હતા.

## લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૧૯ અંતર્ગત પ્રિન્ટીંગ વ્યવસાયકારો સાથે બેઠક યોજાઈ

માહિતી બ્યુરો, મહેસાણા, લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૧૦ને અનુલક્ષીને કલેકટર અને જિલ્લા ચુંટણી અધિકારી એચ.કે.પટેલે જિલ્લાના મુદ્રણ વ્યવસાય સાથે સંકળાયેલા મુદ્રકો/માલિકો સાથે બેઠક કરી હતી. જેમાં પ્રિન્ટર્સ,ઓફસેટ મુદ્રક અને પ્રકાશક વિગેરેના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.જેમાં લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૨૭(ક)ની જોગવાઇ વિશે જણાવાયું હતું.જેમાં કોઇ પણ વ્યક્તિ જેના પર તેના મુદ્રક અને પ્રકાશનના નામ અને સરનામા ન હોય તેવા ચૂંટણીને લગતા ચોપાનીયા છાપી પ્રસિધ્ધ કરી શકશે નહી અથવા છપાવી પ્રસિધ્ધ કરાવી શકશે નહિ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ મુદ્રકને આપ્યા સિવાય કોઇપણ વ્યક્તિ ચૂંટણીને લગતા ચોપાનીયા,ભીંતપત્રો કે અન્ય સામ્રગી છાપી શકશે નહિ કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહિ, ચૂંટણી સબંધી કોઇપણ ચોપાનીયાં અથવા ભીતપત્રો કે અન્ય સામગ્રીનું મુદ્રણ હાથ ધરતાં પહેલાં જોગવાઇ મુજબ મુદ્રકે નિવાર્ચીન આયોગ દ્વારા નક્કી થયેલા જોડાણ ક મુજબના ઠરેલ નમુનામાં પ્રકાશક પાસેથી એકરારપત્ર બે નકલમાં મેળવવાના રહેશે. આ એકરારપત્ર ઉપર પ્રકાશકની તેમજ પ્રકાશકને અંગત રીતે ઓળખતી હોય તેવી વ્યક્તિઓની શાખ તરીકે સહિઓ કરવાની રહેશે ચોપાનીયા અથવા ભીતપત્રો અલગ અલગ રીતે માંગેલ નકલમાં શાખાને મોકલી આપવાની રહેશે.આ કાયદોનો ભંગ કરનાર કલમ ૧૨૭((ક)(૪)ની જોગવાઇ મુજબ છ માસ સુધીની કેદ અથવા રૂ. ૨૦૦૦ સુધીનો દંડ અથવા બન્ને શિક્ષાઓને પાત્ર ગુનો બને છે.ચૂંટણી સંબધિત સાહિત્ય એમ.સી.એમ.,સી ટીમ પાસેથી પ્રમાણિત કરાવી પ્રસિધ્ધ કરવાનું રહેશે. જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા પ્રિન્ટર એસોશિયેશને લોકપ્રતિનિધિત્વ અધિનિયમની તમામ બાબતોને વિસ્તાર પુર્વક સમજાવવામાં આવી હતી.

## લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯ અંતર્ગત મહીસાગર જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યક્તિઓએ એકત્રિત તવા પર પ્રતિબંધાત્મક હુકમોનો અમલ

માહિતી બ્યુરો, લુણાવાડાઃ- ભારતના ચૂંટણી પંચ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ મહીસાગર જિલ્લામાં લોકસભા ચૂંટણીઓની ચૂંટણીનું મતદાન તા. ૨૩/૦૪/૨૦૧૯ ના રોજ નિયત કરવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૩/૦૫/૨૦૧૯ ના રોજ હાથ ધરાનાર છે. આ ચૂંટણી દરમયાન સમગ્ર મહીસાગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુક્ત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતિમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા ન થાય અને જાહેર સુલેહશાંતિનો ભંગ ન થાય તે હેતુ થી ફોજદારી અધિનિયમ-૧૯૭૩ ની કલમ ૧૪૪ હેઠળ પગલાં લેવા મુજબ હું શ્રી આર.બી.બારડ જિલ્લા મેજીસ્ટ્રેટ મહીસાગર લુણાવાડા ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ ૧૪૪ની મળેલ સત્તાની રૂએ સમગ્ર મહીસાગર જિલ્લામાં સમાવિષ્ટ આ હુકમની તારીખથી તા.૨૩/૦૫/૨૦૧૯ સુધી અધિકૃત અને સક્ષમ અધિકારી પાસેથી પુર્વ પરવાનગી મેળવ્યા સીવાય ચાર કરતાં વધુ વ્યક્તિઓએ એકત્રીત થવુ નહી અથવા સભા કરવી નહી કે કોઇ સરઘસ કાઢવું નહી તેના પર પ્રતિબંધાત્મક હુકમો ફરમાવેલ છે. સભા સરઘસની મંજુરી આપવા માટે સક્ષમ અધિકારી તરીકે ગ્રામ્ય વિસ્તારોમાં જે તે મતદાર વિભાગના મદદનીશ ચુંટણી અધિકારી અને મામલતદારશ્રીને તેમજ શહેરી નગરપાલીકા વિસ્તારમાં સબંધિત ચુંટણી અધિકારીશ્રી અને સબ ડીવીજનલ મેજીસ્ટ્રેટશ્રીને અધિકૃત કરવામાં આવેલ છે. સભા-સરઘસનો ખર્ચ ઉમેદવારના ચુંટણી ખર્ચના હિસાબોમાં ઉમેરવાનો રહેશે. ફરજ ઉપર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યક્તિ, કોઇ લગ્નના વરઘોડા, સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિ તેમજ સ્મશાન યાત્રા તથા લોકિક ક્રિયામાં ભેગા થયેલા લોકોને આ હુકમ લાગુ પડશે નહી. આ હુકમનો ભંગ/ ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી દંડ સહિતા-૧૮૬૦ કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામું તા. ૧૧/૦૩/૨૦૧૯ થી તા.૨૭/૦૫/૨૦૧૯ સુધી અમલમાં રહેશે.

ઘનશ્યામ માખીજા ૯૪૨૬૩૨૮૮૭૨
લકી વોટર સપ્લાય
ચોખ્ખા પાણી માટે મળો
કમલ સીનેમા પાછળ, રામનગર, સાબરમતી, અમદાવાદ- ૩૮૦ ૦૦૫.

ગરવી ગુજરાત


એક શુભેચ્છક

